श्रीरसिक,

फारस-संग्रह.

દોહરો.

રે [illegible] દિલનાં વિલાસીઓ, સુણો સુંદર સુખ,
[illegible] ઘણું નવ મેળશો, [illegible] એનું મુખ.
વધે વિદ્યાનો વિલાસ બહુ, શાણાનો પ્રકાશ;
[illegible] માં પેખશો, ફારસ સંગ્રહ ખાસ.

લખનાર,

માસ્તર, બાપુભાઈ નારણભાઈ

કુંભાર.

॥ ॐ श्री हरिः ॥

શ્રી રસિક ફારસ-સંગ્રહ.

સંશોધક,

માસ્તર. બાપુભાઈ નારણભાઈ કુંભાર.

સરનાર નિવાસી.

(શ્રી મોહન-મણી નાટકના કર્ત્તા.)

પ્રસિદ્ધ કર્ત્તા.

મોતીભાઇ રાયજીભાઇ-વરેડીઆ.

ઈ. સ. ૧૯૧૦. વિ. મા. ૧૯૬૬.

કિંમત છ આના.

અમદાવાદ યુનાઇટેડ પ્રિન્ટીંગ અને જનરલ
એજન્સી કંપની લીમીટેડ ના પ્રેસમાં
રણછોડલાલ ગંગારામે છાપ્યું.

વિજ્ઞપ્તિ.

આ ફારસ-સંગ્રહની અંદર પ્રસંગોપાત્ ફારસની ગૌરવતા વધારવા અન્ય કવિઓની કેટલીક કવિતા તથા તેમની કલ્પના લેવામાં આવી છે તેને માટે તે કવિઓનો હું આભારી છું.

લી.

ગ્રંથકર્ત્તા.

અર્પણ પત્રિકા.

રા. રા. મહેરબાન મુરબ્બી—

કૃપા, ક્ષમા, અને દયાનીધી ગુરૂજી મૂળશંકર અમથારામ ભટ્ટની પવિત્ર સેવામાં

મુ૦ પાલેજ.

આપની સુપ્રેરણાથી "વિદ્યા માર્ગ દર્શાવી" જગતનું કલ્યાણ કરનાર સુબોધ "ફારસ-સંગ્રહ" નામનું પુસ્તક તમારા સેવકે લખ્યું. તે શ્રમ તમારી કૃપાવડે સફળ થયો. તેથી આ તમારા વિદ્યાર્થીનું બનાવેલું પ્રથમનું સુબોધ "ફારસ-સંગ્રહ" પુસ્તક આપનેજ સમર્પણ કરી અત્યાનંદ પામું છું. તો મુજ રંકની આ અલ્પ ભેટ સ્વીકારી લેશોજી.

લી. સેવક,

બાપુ.

ગ્રાહકો પ્રત્યે વિજ્ઞપ્તિ.

મહેરબાન સાહેબો ! હું દીલગીરી સાથે જણાવું છું જે મેં "શાળાપત્ર" માહે એપ્રીલ સને ૧૯૧૭ ના અંકમાં જે આ બુકની–પુસ્તકની જાહેર ખબર છપાવી છે તેમાં દર્શાવ્યું હતું કે "ફારસમાળા" માં તેર ફારસ છે. જેની કિંમત આઠ આના રાખવામાં આવી છે. તે પુસ્તકના પ્રથમ ગ્રાહક થનાર પાસેથી છ આના લેવામાં આવશે. પરંતુ આ પુસ્તકમાં ફકત નવ ફારસ મુકવામાં આવ્યાં છે. કેમકે બાકીનાં ચાર ફારસનું મેટર એકાએક છપાવવાની તૈયારીમાં ગેરવલ્લે પડ્યું છે. જેથી એ ચાર ફારસના જવાથી આ "ફારસ-સંગ્રહ" ની કિમત છ આના રાખવામાં આવી છે માટે અગાઉથી જે ગ્રાહકો થયા છે તે સાહેબોને ચાર આને આપવામાં આવે છે અને બાકીનાઓ પાસેથી હવે છ આના લેવામાં આવશે.

અશાડ શુદ ૧૦ } લી. કર્ત્તા.

વાર શની.

પ્રસ્તાવના.

થોડા સમયમાં પ્રાથમિક નિશાળોમાંની કેટલીક નિશાળોમાં ફારસ ભજવવાનો પ્રચાર નીકળ્યો છે. તેથી કેટલાક મહેતાજીઓ શેખશલ્લીનો, ભુવડ અને જયશિખરીનો કે સિદ્ધરાજ અને રાયખેંગાર વગેરેનાં ફારસ ઇતિહાશીક પાઠોમાંથી લઈ ભજવે છે યા ભજવાવે છે. આવાં ફારસ એક બે જગ્યાએ મેં ભજવેલાં જોયાં તો જણાયું કે મહેતાજીઓ પોતાની મરજી મુજબ બનાવી કે કોઈ નાટકની ચોપડીમાંથી ઉતારી લાવી ભજવે છે. આ ઉપરથી મને સંકલ્પ થયો કે ફારસનું જો એકાદ જુદું પુસ્તક બનાવ્યું હોય તો તે કેવું ઉપયોગી થઈ પડે? જેથી મેં પ્રથમ આ નાનકડું "ફારસ સંગ્રહ" નામનું પુસ્તક મ્હારી બુદ્ધિ અનુસાર લખી પ્રસિદ્ધ કર્યું છે. તો એમાંનો સાર હંસ રૂપે થઈ ગ્રહણ કરશો તો સેવકનો શ્રમ કેટલેક અંશે ફળીભુત થયેલો ગણાશે.

આ ફારસથી વિદ્યાર્થીઓને ગમ્મતની ગમ્મત અને જ્ઞાનનું જ્ઞાન મળશે. વળી વિશેષમાં તેમની મનશક્તિ, તર્કશક્તિ અને સ્મરણશક્તિમાં પણ વૃદ્ધિ થશે. કવિ નર્મદાશંકર કહે છે કે:—

દોહરો.

કવિતાના ભણવા થકી, મનરંજન બહુ થાય;
નીતિ વાત મનમાં ઠશે, દુર્ગુણ નાશી જાય.

તો કાવ્ય ભણવાથી કેવો અમુલ્ય લાભ મળે છે તે આ ઉપરથી સમજાય છે. હું સર્વત્ર ફારસ કાવ્ય (છંદ)માં લખત પણ તે લખવાને શક્તિમાન નથી. કેમકે હું કવિ નથી. કવિ નામ ધરવાને યોગ્ય નથી પણ હું એક અલ્પજ્ઞ છું, તેથી બધાં ફારસ નાટકના લયમાં લીધાં છે. ઘણા મહેતાજીઓ અને વિદ્યાર્થીઓને આ સમયમાં એ રાગો બહુ પ્રીય છે. તેથીજ વાટે અને ઘાટે નાટકીય રસીક ગાયનો ગાતા નજરે પડે છે. એ ઉદ્દેશને આગળ ધરી આ પુસ્તકમાં એ રાગો લેવામાં આવ્યા છે.

જે કોઈ સાહેબો આમાંની ભુલચુક યોગ્ય જણાવશે તો તેમનો મહત્ ઉપકાર માની બીજી આવૃત્તિમાં ઘટતો ફેરફાર કરવામાં આવશે. આ પુસ્તક તૈયાર કરવામાં વિલાયત નિવાસી અને સરનાર તાલુકે ભરૂચની સરકારી ગુજરાતી નિશાળના માસ્તર ગણપતરામ રવિશંકર પંડયાએ મને જે કંઈ મદદ આપી છે તે માટે તેમનો આભારી છું.

લી૦ કર્ત્તા.

અનુક્રમણિકા.

૧ શ્રીગદ્યપદ્ય-વિષય ભાગ પહેલો.

૨ શ્રી સંગીત-વિષય ભાગ બીજો.

॥ श्री गणेशायनमः ॥

શ્રી રસિકફારસ-સંગ્રહ.

શ્રી ગદ્ય પદ્ય વિષય ભાગ ૧ લો.

અંધેરી નગરીના 'ગંડુરાજાનો' ફારસ

(૧)

अंक पहेलो.

સ્થળ—રંગભૂમિ

પાત્ર—સુત્રધાર.

મંગળા ચરણ.

રાગ કલ્યાણ.

સુત્રધાર—શ્રી વિશ્વના પતિ, પ્રભુ આપ સન્મતિ,
પુર્ણકારી, દુઃખવિદારી, સ્હાયથા અતિ—ટેક.
શુરવર નટવર શુરપુરીમાં, શ્રીજી છો સરદાર;
પ્રેમ વિહારી [1]દિનકરજાણી, લો 'બાપુ' સંભાળ-શ્રી.
અંધેરી [2]પુરતણા રાજવી, ગંડુશેન કહેવાય;
તેહતણો વૃત્તાંત વર્ણવું, ખુશ સભાજન થાય-શ્રી.
સર્વે સભાજન વિનતી કરી, કહું છું વારંવાર;
અલ્પ મતિથી [3]રચી આ વારી, ભજવું જયજયકાર-શ્રી.

---

(૧) દિનકર=ગરીબ (૨) પુર=પુરી (૩) રચી=ફા-
રસસંગ્રહ રચી.

મે. સાહેબો ! આજે આ જગ્યાએ શાળાના વિદ્યાર્થીઓ અંધેરી નગરીના ગંડુ રાજાનો ફારસ ભજવી બતાવશે. તે સાંભળવા સર્વે સભાજન તસ્દી લેશો એવી મારી નમ્ર પ્રાર્થના છે (જાય છે.)

પ્રવેશ પહેલો.

સ્થળ—રસ્તો.

પાત્રો—ગુરૂ અને ચેલો.

રાગ પદનો.

ચેલો—એસે ગુરૂકી સેવા કર મન, એસે ગુરૂકી સેવા;
શીળ સંતોષ સદા ઉર જીનકે, નામ રામકો લેવા-કર મન.
જીનકે ચરણ કમલકું ઇચ્છીત, પ્રાગ જુમના રેવા,
ગુરૂકી સંગત કરલે મનવા, મીલે નિરંજન દેવા-કર મન.

ગુરૂ—અચ્છા ! આજે તો મધ્યાન હુવા. મગર કુચ્છ રસોઇકા ઠેકાના હુવા નહિ.

ચેલો—હાંજી-આજે કોઈ રામકે દાસ નહિ આયે હૈ. આપકી રજા હોવે તો હમ બસ્તીમે જાકર આટા મંગલાઉં.

ગુરૂ—અચ્છા. ઐસાય કરો.

ચેલો—(થાળ લાવીને) મહારાજ ! લ્યો આ થાળ, ઠાકોરજીકું ધરાકે આપ આરોગો.

ગુરૂ—થાળ કૈસા ! કોઈ રામ ભકતકા હૈ ?

ચેલો—નાહિ મહારાજ. ઓતો મેં બસ્તીમે મંગને ગયાથા વાંસે આટા મીલાથા ઓ આટેકા ભારોભાર ખાજાં મીલા હૈ.

ગુરૂ—કયા બાત ! આટેકા ભારોભાર ખાજાં મીલા ઓ બાત તુંમ કયા બોલતે હૈ.

ચેલો—મહારાજ ! રામજીકી આણ. સચ બાત હૈ. યહ શહેરમેં સબ ચીજ એકી ભાવે બેચાતી હૈ.

ગુરૂ—ઐસા હૈ તો ઉસ શહેરમેં એક દીન પણ રહેનેકા અચ્છા નહિ હૈ. સબ ચીંજ એકી ભાવે બેચાતી હૈ. તબ યહ શહેરમેં ઓર અરૂશાહકા એકજ ન્યાય હોયગા. ઉસલીયે અચ્છે આદમીકું વાંહ રહેના અચ્છા નહિ હૈ. અબ ચલો ચેલા એકદમ કુચ કરના.

ચેલો—મહારાજ ! મેરેકું તો યાહીં રહેનેકા અચ્છા લગતા હૈ. લેકીન હમતો ઇધર રહુંગા. આપકું ચલના હોવે સો ચલો. હમતો નહિ આયગા. ઐસા સુખ દુસરે કીહાં મીલેગા. બીગર ધંધે રોજ મીષ્ટાન મીલતા હૈ. પીછું ચૈયેજ કયા ?

ગુરૂ—ચેલા સમજના. વહાં રહેનેકા અચ્છા નહિ હૈ. તુમ પીછે પસ્તાયગા. હમતો એકીલા ચલતા હૈ.

ચેલો—પધારના મહારાજ ? પસ્તાયગા કાયકે બાસ્તે ? હમતો ઇધર બહોત આનંદશે રહેગા. અહં ! પસ્તાયગા; કીસલીયે પસ્તાયગા. કયા ? વહાં કુચ્છ બાર્તકા ટોટા હૈ. આટેકા ભારોભાર ખાજાં મીલતા હૈ. બસ્તીમાં જાકર આટા મંગલાઉં ઓર ઉસ્કા ખાજાં લેકે ખાકર ફીરતા ફિરૂં. ઉસ્મે પસ્તાયગા કાયસેં ચલ જીવ અબતો મસ્તક પડે હૈ (ગુરૂ ચેલો જાય છે.)

પ્રવેશ બીજો.

સ્થળ—રાજમાર્ગ.

પાત્ર—મુળચંદ.

મુળચંદ—(આવતાં) અરે દૈવ ! આજે તેં શું કરવા ધાર્યું છે ? ઘેરથી નીકળ્યો ત્યારથી શુભ શુકન થાય છે ? હૃદય પણ આનંદોત્સવના ઉભરાથી છલકાઈ રહ્યું છે ? એવીતે શી ખુશાલી પ્રાપ્ત થવાની છે ? કે જેનાં શુભસુચક ચિન્હ અગાઉથી દ્રષ્ટીગોચર થાય છે ? હશે ? ઇશ્વરઇચ્છા !

ગાયન.

માનું ઉપકાર-તારો આભાર, અરે સૃજનાર;
મન મારૂં વારૂં અતિ તુજપર હું.
અઘકોટી હરનતું, કરનતું કિરતાર;
કાપો દુઃખને આપો સુખને... ... ...માનું.

ચાલો હવે દરબારમાં જાઉં અને મિત્રને મળું (જાયછે)

પ્રવેશ ત્રીજો.

સ્થળ—રાજ દરબાર.

પાત્ર—ચોપદાર, સભાસદો, રાજા, સિપાઈ અને મૂળચંદ વગેરે.

ચોપદાર—મહારાજાધિરાજ ગંડુસેનને ઘણી ખમા !

રાજા— **ગાયન.**

(મરત બનીને વનવન ફરીએ......એ રાગ)

બંદા બન્યા છે રાજા હવે, જોઇએ છે શું ઉવારૂં;
ઘોડે ચડીશું શહેરમાં ફરીશું, બંદા નશીબ જો તારૂં.

સર્વે રૈયતનો રાજા હું છું, જે કરવા મનમાં ધારૂં,
કોણ નામ લઈ શકે હવે, નહિ હિંમત કોઈ ભાળું.

આ હા હા હા! હું કેવો ભાગ્યશાળી? આખા રાજ્યનો માલીક છું. અને આ સર્વે લોકો મારા તાબેદાર થયા છે. તે મારો હુકમ માનશે બસ! હવે જોઇએજ શું! ઘોડે ચઢીશું, શિકાર કરીશું અને મોજ માણીશું. પણ મારો વ્હાલો પ્રેમી મિત્ર હજુ કેમ નહિ આવ્યો હોય? શું કામમાં હશે? (કરી આસને વિચારમય).

મુળચંદ—(સ્વગત જોઇને) વાહ! મિત્રતો બહુજ ખુશાલીમાં બીરાજ્યા જણાય છે ને શું? (પ્રગટ) અહો! મહારાજા આજેતો બહુ આનંદમાં જણાઓછો?

રાજા—અહો! કોણ મારો વ્હાલો મિત્ર મુળચંદકે?

મુળચંદ—હાજી. એજ હું આપનો મિત્ર અને સેવક મુળચંદ છું. આજે મહારાજા કાંઇ બહુ ખુશ ચહેરો દેખાય છે? એ ખુશાલીનું કારણ જણાવવાને બાધ ન હોયતો આ સેવકને જણાવશો? આપની ખુશાલીમાં મારો પણ ભાગજ છે.

રાજા—અરે! કારણ એજ સાંભળ.

(રાગ ત્રિતાઇ ચોપાઇ).

અંદા બન્યા છે હવે રાજા, ખાઇને થૈશું મિત્ર હવે તાજા.
હુકમ ચાલશે હવે મારો, માઝો પડશે મિત્ર હવે તારો.

મુળચંદ હું થયો રાજા, અને તું થા પ્રધાન. લે આ શીરપાવ અને તલવાર. (લેછે)

મુળચંદ—ઘણા ઉપકાર સાથે આપનો હુકમ માથે ચઢાવું છું.

ગાયન.

(હમસે ન બોલના મહારાજ......એ રાગ)

પરમ ઉદાર છો મહારાજ,
શુભ ગુણ યુકતે અંદે પતિ રાણા. પરમ.
મનહર વદન સદા સુખકારી,
શુભ સદન શોભે હીતકારી.
કદરદાન, નીતીવાન, સદા બલિહાર છો મહારાજ,
શુભ ગુણયુકતે પરમ.

પ્રધાન—અહાહાહા! મારા ધન્ય ભાગ્ય કે હું રાજાનો મિત્ર અને વળી પ્રધાન થયો. હવે જોઇએજ શું? હાથી હોદ્દે ચઢીશું, ઘોડે બેસી ફરીશું, ઇન્સાફ કરીશું પાંચ આમથી, પાંચ તેમથી, દમથી, દમામથી, બળથી, કળથી નાણાં કઢાવીશું ખીસ્સું તર કરીશું મો'લ ચણાવીશું અને મોજ માણીશું.

ગાયન.

ચોપદાર—વિશ્વ રચ્યું તે વિધાત્રી ભાંગ પી અરે!
સુધર્મી નર આપડે, કુકર્મી સુખ કરે.
સજ્જન તે રઝળતા ફરે, અર્થી બરોબરે,
પંડીત પામે કષ્ટ મુર્ખ છત્ર શીર ફરે.

અરે! ઇશ તારી ગતી ગહન છે. પણ અંતે ધર્મે જય અને પાપે ક્ષયજ છે.

સિપાઇ—હવે ઇજતનો ધરબોળ જવા બેઠો છે.

પ્રધાન—જોઇએ હવે કોઈ ફર્યાદી આવે તો બંદા ફાવે (ચોરસિંહ આવે છે)

ચોરચિંહ—મહારાજા મારી એક અરજ છે.

રાજા—શી અરજ છે ?

ચોરસિંહ— **લલિતવૃત.**

અરર હાયરે લાગી લાયરે, ગજબતો થયો પુરમાંયરે.
અરજ માહરી સુણ ભુપતું, વિતક વાત જે સરવ કહુંછું.

ક્ષત્રીકલંક.

સુણ ભુપજી તું ચતુર સુજાણ, છબીલા છેડો આવી રહ્યોરે.
મમ વીરો તણી થઈ હાણ, ,,
વનમાળી વણીક ઘર જ્યાંય. ,,
ખાતર ખોદવા ગયાતા ત્યાંય, ,,
કપટીએ કપટે ચણી ભીંત, ,,
ખોદતાં તે પડી ખચીત. ,,
વીર દબાયા તેથી તત્કાળ, ,,
માટે બોલાવો વણીકને હાલ; ,,

મહારાજા મારા ચાર વીરો વનમાળી વણીકને ઘેર ખાતર ખોદવા ગયા હતા. ત્યાં ભીંત તુટી પડવાથી દબાઈ મુઆ છે. માટે તે વણીકને હાલદમ બોલાવી મંગાવી સજા કરો.

રાજા—પ્રધાનજી ! ચોરસિંહ કહે છે તે વાત ખરી છે?

પ્રધાન—હા મહારાજા ખરી વાત છે. એના ચાર ભાઇઓ દબાઇ મુઆ છે (સ્વગત. બંદાને તો પાંચ હજારની ચોટ વાગી છે)

રાજા—અરે પ્રધાનજી ! એ લુચ્ચા વણીકને પકડી મંગાવો.

પ્રધાન—રાજાજીના હુકમ પ્રમાણે કરવા તૈયાર છીએ. અરે ! સિપાઈ ?

સિપાઈ—જી સાહેબ.

પ્રધાન—એકદમ વનમાળી વણીકને પકડી દરબારમાં રજુ કરો.

સિપાઈ—બહુ સારૂ નામદાર ! (સિપાઈ વણીકને પકડી રજુ કરે છે.)

રાજા—શું દુનિઆમાં આવા વણીક પાકતા હશે ? કે આવા રજપુતના નામને નીચું જોવડાવનાર. અરે ! પાપી હવે તને સખ્ત શિક્ષા થશે.

વણીક—નામદાર. તાબેદાર સજા ખમવા તૈયાર છે વાહ ! કલીયુગ ! કલીયુગ !

ગાયન.

જુઓ કેવો છે કાળ આ પાપી ફાવે પાપ જાળમાં–ટેક.
સંત સાધુ કુટાય, પુંજા પાખંડીની થાય,
ધર્મ ધુતારા ખાય, જુલમી છે સુખીઆ સંસારમાં;
આજ કાલ, જુલમી છે સુખીઆ સંસારમાં–જુવો. ૧
માન મેળવે છે જુઠ, ઠગ બની બેસે ઠુંઠ.
ઢોંગી કરે ધન લુંટ, ફાંસી આ ફાવે છે બજારમાં,
ઠામ ઠામ ફાંસીઆ ફાવે છે બજારમાં–જુવો ૨
ધર્મ ગયું ધરા બહાર, દંભ દગો વ્યભિચાર,
વધ્યાં વિશ્વમાં અપાર, દુનિઆ ડુબી દુરાચારમાં;
હાય ! હાય ! દુનિયા ડુબી દુરાચારમાં–જુવો. ૩
હાય રાંકડા રીબાય, સુખી મારતા મીયાંય,
વિદ્વાન હવા ખાય, દારૂડીઆ માન દરબારમાં;
આજકાલ દારૂડીઆ માન દરબારમાં–જુવો. ૪

માલિની-ચાલ.

નથી નથી અપરાધી હુંછું નિર્પરાધી;
એ કપટ કડીઆનું જાણજો ભૂપ ભોળા,

મહારાજા એમાં મારો વાંક નથી. કારણકે એ ભીંત કડીઆએ ચણી છે. માટે સઘળો વાંક કડીઆનો છે.

રાજા—પ્રધાનજી ! એ નિરપરાધી વણીકને રજા આપો.

પ્રધાન—અરે વણીક જાઓ તમને રજા છે (વણીક જાય છે)

રાજા—સિપાઈ એકદમ કપટી કડીઆને પકડી લાવ (પકડવા જાય છે)

કડીઓ—(પ્રવેશતાં) **ત્રિતાઈ ચોપાઈ.**

વાંક નથી અરે મારો રાયે, જળ પ્રમાણે ગારો થાયે;
પાડયું પખાલીએ બહુ જળ, તેથી આવ્યું છે આવું ફળ.

મહારાજા એમાં મારો વાંક નથી. કારણકે પખાલીએ પાણી વધારે પાડયું તેથી ગારો નરમ થયો. માટે એ દોષ પખાલીનો છે. મારો નથી.

રાજા—અરે નિરદોષ કડીઆ જાતને રજા છે. (કડીઓ જાય છે) સિપાઈ પખાલીને પકડી લાવ. (પખાલીને પકડી લાવે છે)

પખાલી—(પ્રવેશતાં) **ત્રિતાઈ ચોપાઈ.**

વાંક નથી મારો અરે લગાર, મુલ્લાં નીકળ્યો તો બહાર;
મેં જોયું હતું તેણીમેર, પાણી અધિક પડયું એ પેર.

મહારાજા ! એમાં મારો વાંક નથી. તે વેળા મુલ્લાંજી બહાર ફરવા નીકળ્યા. તેમના તરફ મારી નજર જવાથી પાણી વિશેષ પડયું. માટે એ વાંક મુલ્લાંજીનો છે. મારો નથી.

રાજા—પખાલી તને રજા છે (જાય છે) સિપાઈ મુલ્લાં-જીને પકડી લાવ. શા માટે એ વેળાએ બહાર ફરવા નીકળ્યો. (સિપાઈ પકડી લાવે છે)

મુલ્લાં—(પ્રવેશ) **રાગ ચોપાઈ ત્રિતાળી.**

ચઢાવો મુજને શૂળીએ આજ, જુઠું બોલું શું કરવા કાજ.
પાપી ફળ ભોગવજે તું તો, વેર કયામતે વાળીશ હું તો.

ક્ષત્રી કલંક.

અરે શઠ સુણ રાજા મતીમંદ, કાશીર ધીઃક ધીઃક તનેરે-ટેક.
તારા જાણું છું હું સઘળા ફંદ, ,,
દારૂ, દારામાં રહે તું લીન, ,,
રંક રીબાઈ પ્રજા નીશદીન, ,,
ચોર શાહ તણી ગતિ એક, ,,
પાપી પાપે ભરે છે દેહ છેક. ,,
નીચ નફ્ટ નાદાન તને ધીઃક, ,,
ખુદા તાલા તણી ગણે નહિ બીક, ,,
હોય શુદ્ધ સૈયદ અમ જાત, ,,
પંચ દીનમેં તું થાય નિપાત, ,,

રાજા—(એકદમ) જાણ્યું તારૂં ડહાપણ, પ્રધાનજી આ મુલ્લાંને સત્વર શુળીએ ચઢાવી દો.

પ્રધાન—સિપાઈ! આ મુલ્લાંને શુળીએ ચઢાવવા લઈ જાઓ.

ચોપદાર—(સ્વગત) **ગાયન-આશાગોડી.** (લઈ જાય છે)

રાજ છે અંધેરકારી, અહા ! પ્રભુ રાજ છે અંધેરકારી-
ચોર શાહ તણી ગતિ એકે, જોયો ખેલજ ભારી. અહા !
ધીઃક રાજા તુજને ધીઃક તારી બુદ્ધિ, વીપરત વાત વિચારી. અહા!
સકળ જન હવે વદે વદને, ધરો દયા નિર વિહારી. અહા !

સિપાઈ—(પ્રવેશી) મહારાજા આ મુલ્લાંજીનું શરીર પાતળું છે અને શુળીનું ફળ જાડું છે. માટે કેમ કરવું?

રાજા—અરે મંદો? વારેઘડીએ આવીને શું પુછો છો? કોઈ જાડા પુરૂષને લાવી ચઢાવી દો. (સીપાઈ જાય છે) પ્રધાનજી કચેરી બરખાસ્ત કરો. (સર્વે જાય છે)



अंक बीजो.

પ્રવેશ પહેલો.

સ્થળ—રસ્તો.

પાત્રો—ગુરૂ.

ગુરૂ— રાગ પદનો.

કરના ફકીરી ભજના સાહેબ, કયા ચેલાની આશરે;
ઘેર ઘેર ટુકડા મંગકરખાના, કછું ન રખના પાસરે. કરના.
ખભે કામલીઆંને, હાથમાં તુમડીઆં;
જંગલ કરના બાસરે. કરના.
કહેત ગુરૂ સુનો ભાઇ સજ્નો,
એક સાહેબ રખના પાસરે. કરના.

(જાય છે)

પ્રવેશ બીજો.

સ્થળ—રાજમાર્ગ.

પાત્રો—ચેલો, સિપાઇ અને ગુરૂ.

ચેલો—આહાહાહા ! ચેલા કયા નશીબ તેરા ભારી. વહ શહેરમે જેશા સુખ દુસરે કયાંય મેને દેખા નહિ હૈ. ઓર કયા બાત. ખાનાપીના ઓર મઝા ઉડાના. ચલ જીવ અબતો મસ્ત પડે હૈ.

સિપાઇ—(પ્રવેશ કરીને) અરે ખુદા ! ફરીફરીને હું થાકયો પણ હજુ કોઇ જાડો પુરૂષ મળ્યો નહિ ! પણ મન

સબુર મહેનતનું ફળ મળશે (એમ કહી પાછળ જુએ છે ચેલો નજરે પડવાથી) અયે મસ્ત પુરૂષ ! રાજાકા હુકમ હુવા હૈ કે કોઈ જાડા નરકું ઢુંઢકે શુળીએ ચઢા દેના લેકીન મેં સઘળા શહેર ઢુંઢા. જબી તું મીલા. માટે જલદી ચલો.

ચેલો—(સ્વગત) અરે રામ ! ગુરૂકા કહેના માના નહિ અબ મેં કયા કરૂં ? અબ ગુરૂકા બચન યાદ હોતાહે.

સિપાઈ—અબ હે ચેલા જલદી ચલો નહિતો શિક્ષાને પાત્ર હોયગા.

ગુરૂ—(પ્રવેશી) સબુર ! સબુર ! અબ કાયકું ઇસકું ડરાતે હૈ.

ચેલો—અહો કોન ગુરૂજી !

ગુરૂ—હા ગુરૂજી.

ચેલો—મહારાજ મેરાતો મોત આયા.

ગુરૂ—મોત કૈસા ! કયા સબબસેં મોત આયા ?

ચેલો—ઉશ શહેરકા રાજાકા હુકમ હુવા હૈ કે કોઇ મસ્ત પુરૂપકું ઢુંઢકે શુળીએ ચઢાદો. સબબ એહી સિપાઇ એ મેરેકું ઢુંઢકે પકડલીયા હે. અબ મેં કયા કરૂં. મેરેકે રાજા શુળીએ ચઢા દેયગા. અય ગુરૂજી આપ મુજકું બચાઓ હમ આપકે શરણ હૈ.

રાગ પદનો.

ગુરૂજી આશરા તેરા, સ્વામી આશરા તેરા;
જગત એહ રેનકો સુપનો, સમજ દેખો નહિ અપનો;
લેહ એ લોભકી ધાર, ભમ્યા સબ જાતસંસાર. ગુરૂજી.

ગુરૂ— રાગ ગજલને મળતો.

સબર સબર સબર ચેલા, કરની તું સબર;
ઈલિમ કીલમ ચલાવીને, ઉગારૂ તારૂં મોત.

ચેલા હમેને તુજકું કયાથાકે ઉસ શહેરમાં રહેનેકા અચ્છા નહિ હૈ. મગર તુંને માના નહિ. હરા! હરા! હરા! રામકી ઈચ્છા! ઐસીજ હોયગી કુચ્છ ફિકર નહિ. ચેલા ડરમત. રામજી કરેગા તો તુજકું છોડા લઉંગા.

સિપાઈ—અબ ચલો ભકતજનો અંતે ધર્મેજય અને પાપે ક્ષયજ છે!! (જાય છે)

પ્રવેશ ત્રીજો.

સ્થળ—રાજ દરબાર.

પાત્રો—ચોપદાર, રાજા, પ્રધાન અને સિપાઈ ગુરૂ, ચેલો વગેરે.

ચોપદાર—મહારાજાધિરાજ ગંડુસેનને ઘણી ખંમા.

રાજા—પ્રધાનજી સિપાઈ હજુ નથી આવ્યો ? (સિપાઈ વગેરે આવે છે).

સિપાઈ—મહારાજા આપની આગળ આ જાડા નરને રજુ કરૂં છું.

રાજા—પ્રધાનજી આ ચેલાને શુળીએ ચઢાવવા લઈ જાઓ.

ગુરૂ— **ગાયન.**

બડા ભુપ હો તુમ, શીરદાર રાજ;
ચઢા શુળીએ, મેરેકું જલદી આજ.
હમ માનતા હૈ, મહાસુખ એથી;
વિમાન દેવકા પાયગા, જલદી જેથી.
બખત બીતતા હૈ, કર તું તૈયારી;
નજર પેખતા હું મેં, જાતી સ્વારી.

અયે રાજા મેરેકું જલદી શુળીએ ચઢાદો. અબ ઘડી અચ્છા ચોઘડીઆ હૈ. અરૂ ઇશબ્પ્ત આકાશમેં દેવકી સ્વારી જાતી હૈ. ઉસલીયે એહ બખત શુળીએ ચઢને વાલેકું દેવકા વિમાન મિલેગા. ઉસલીયે હુંમ યેહ બખત શુળીએ ચઢનેકું, આતુર હૈ.

ચેલો—નહિ ગુરૂજી ! અબી હું ચઢુંગે.

રાજા—એમ છે તો આ વખત હુંજ શુળીએ ચઢુંછું. એ શુળી મારી છે. માટે તમારો કોઇનો એ શુળી ઉપર હક નથી. (જાય છે.)

ગાયન.

દરબારીઓ—અરે દુષ્ટ કાળ હાહા, નહિ તુને દયાય;—
એક રાજ સ્તંભ જાતાં, શુન્કાર છે તમામ.
સંસાર તુચ્છ માયા છે, ધર્મશાળા ધામ;
વખત થયે વિચરવું છે, સાચું પ્રભુ મુકામ.
(જાય છે.)

પ્રધાન— રાગ ભરથરીનો.

જુગમાં જનમીને જીવડા શું કર્યું, ઓળખ્યા નહિ અવિનાશજી;
જુઠમાં ખોયું તેં જીવડા, પડવા કાળને પાશજી. જુગ.

દાન, દયા, સત્ય શીખતાં, એવું ન આવ્યું ઉરજી;
જુગકર્ત્તાને જાણ્યા નહિ, કામ કીધાં તે ક્રુરજી. જુગ.
અધર્મ કરીને ધન મેળવ્યું, બાંધ્યા મોટેરા માળજી;
પ્રભુ ન ભજ્યા રે આ પાપીએ, કાલે ઝડપસે કાળજી. જુગ.
વહેવાર વટાના વરા કર્યા, મમતા બાંધીને મંદજી;
ફોગટ ધન એ અફળ જેવું, ગાયા નહિ ગોવિંદજી. જુગ.
સાચાને જુઠો રે પાડવા, લીધી લોકની લાંચજી;
મારકણા પાડા શો મસ્ત છે, નથી ઇશ્વરની આંચજી. જુગ.
કીટ જેવા રે વૃષા કાળના, ઉપજે તેમ લય થાયજી;
એમ પ્રભુને ભજ્યા વિના, જમને ઘેર જીવ જાયજી. જુગ.
ધીક ધીક મારા રે ધર્મને, મનમાં પાપનાં મુળજી;
શુદ્ધ વિચાર આવ્યા વિના, ધર્મ માન્યો મેં ધુળજી. જુગ.
સાચું તો કાંઈ નવ સુઝયું, કરતાં કુળ કેરી રીતજી;
“ છોટમ ” પ્રભુ એમ સત્ય છે, બીજી સર્વે અનિત્યજી. જુગ.

ધિક્કાર છે ! આ મારા જીવતરને (એમ કહી કટાર પેટમાં મારવા જાય છે તેવા ગુરૂ–ચેલો પકડી રાખે છે).

ગુરૂ—ચેલો–સબુર ! પ્રધાનજી ! શાન્ત થાઓ.

ગાયન.

અચળ રહો વસુધા પતિ, પ્રધાન આશીષ એહી હુમારીરે;–
સરલ રહાંશે જાવો અહાંશે, સુખ પામો ગુલઝારીરે.
ગુરૂ આશિષથી ભક્તિ કરજો, સા'ય કરે ત્રીપુરારીરે.—અચળ.

(સર્વે જાય છે.)

પ્રવેશ ચોથો.

સ્થળ—શાન્તીભુવન.

પાત્રો—સુત્રધાર.

સુત્રધાર—(ભાષણ) હે મુરબ્બી સજ્જનો, હું એક અલ્પમતીવાળો આપનો દિન સેવક આપ સર્વે સભાસદોની સમક્ષ બે બોલ બોલવાની રજા માગુંછું. તે લક્ષમાં લેશો.

૧ હે સદ્ગૃહસ્થો ! જે દેશમાં રાજા ભણેલા હોતા નથી ત્યાં આવા ન્યાય થાય છે. એટલુંજ નહિ પણ લુંટ, ચોરી, લડાઇ, ટંટો વગેરે ઘણા થાય છે. અને લુચ્ચા ચોર વગેરે ફાવી જાય છે. માટે સર્વેએ ભણવું જોઇએ.

૨ મુલ્લાંજીનો દાખલો લેવો જોઇએ કે એ પોતાના મોંતથી જરા પણ ડર્યો નહિ. અને એક પણ જુંડો શબ્દ બોલ્યો નહિ.

૩ ચેલાનો દાખલો જોઇ સમજવું જોઇએ કે જે પોતાના ગુરૂની અગર માબાપની કે બીજા ડાહ્યા માણસની શીખામણ માને નહિ તેને પાછળથી પસ્તાવું પડે છે.

૪ રાજાના દાખલાથી સમજવું જોઇએ કે જે ખરો ઇન્સાફ કરતો નથી અને ગરીબને દુઃખ દેછે. તેને—પોતાનેજ દુઃખને શરણુ જવું પડે છે. માટે અન્યાય કરવો નહિ. તથાસ્તુ ! ! !

ગાયન.

જુઓ એક સત્યમાં છે, અંતે જય જય કાર—ટેક;
પામર પ્રાણી પાપમાં રાચે, પણ તે દુઃખી થનાર. જુઓ.
પાપ દીવો સમજવો પલકનો, અંતે સત્ય પવને બુઝનાર; જુ.
'બાપુ' સત્ય વાયક—વદે છે, ધર્મે જય પાપે ક્ષય નિરધાર. જુ.

સમાપ્ત.

રાજકુંવર અને ન્યાયાધિશનો ફારસ.

(૨)

સ્થળ--રંગભૂમિ. પાત્રો--સુત્રધાર અને બાળકો.

મંગળાચરણ.

સુત્રધાર ને બાળકો-- કલ્યાણ.

પ્રભુ દયા ધરો, સૌ શોક સંહરો;
સદ્સ્વતિની વૃષ્ટિ, ભાર્ત્ત ભુમિમાં કરો. ટેક.

સકળ વિશ્વનો તાતજ તું છે, સૌ તારો પરીવાર;
પાપ કામ અમાપ અમારાં, ટાળો દીન દયાળ. પ્રભુ.
સદાચાર કરવા અમશીરપર, કર ધર તું કીરતાર;
બાળક તારાં તારે શરણે, નમીએ વારંવાર. પ્રભુ.

સુત્રધાર—સાહેબો ! આજે આ જગાએ શાળાના વિદ્યાર્થીઓ રાજકુંવર અને ન્યાયાધિશનો ફારસ ભજવી બતાવશે. તે સાંભળવા સર્વે સભાજનો તરદી લેશો એવી આશા છે. (જાય છે.)

પ્રવેશ પહેલો.

સ્થળ--ઇન્સાફની અદાલત.

પાત્રો—ન્યાયાધીશ, સિપાઇ ને ખેડુત,—નાગર.

ખેડુત—બાપજી ! ફરિયાદ ! ફરિયાદ ! મને ગરીબ ખેડુતને મારી નાંખે છે. ઓ બાપરે ! ઓ ઘોડો આવ્યો કોઇ ધાઓ ?

ન્યાયાધીશ—અરે ! સબુર ! સબુર ! કોણ છે તું. તારી શી ફરિયાદ છે ?

ખેડુત--ઓ સાબ ? મારી નાંખે છે.

ન્યાયાધીશ--ગભરા નહિ, અહિં કોઈ મારતું નથી. તું બોલ કે તને કોણ મારે છે ? મારનારનું નામદે.

ખેડુત--અરે ! શું નામ દઉં સાહેબ ? ' વાડ થઈને ચીભડાં ગળે ' તો ખેડુત કયાં જઈને રહે ? આપણા કુંવર સાબના ભાઈબંધ પેલા દુરગુણસિંહે મારી જાર ભાંગીને મને માર્યો.

ન્યાયાધીશ--દુર્ગુણસિંહે તને શા માટે માર્યો ?

ખેડુત--મારી જારના ખેતરમાં જાર ભાંગતા અને ઘોડાને ખવરાવતા દેવગઢ જતા હતા. તેમને મેં કહ્યું કે ઠાકોર સાહેબ પેલે છેડે મારગ છે. ત્યાં રહીને જાઓ. અહિં સાંસરા જવાથી મારી જાર ભાગે છે અને મારી ગરીબનું નુકશાન થાય છે. મેં એમ કહ્યું તોપણ માન્યું નહિ. અને ઘોડો ઉભો રાખીને ડુડાં ખવરાવવા લાગ્યા. તેથી હું પાસે ગયો. અને ફરી કાલાવાલા કરીને કહ્યું કે સાહેબ મારી જાર ખવડાવો નહિ. આવાં નબળાં વરસમાં પાકતું નથી. અને વળી તમે આવું બગાડો છો ત્યારે અમે સરકાર શી રીતે ભરીએ ? આમ બોલતો બોલતો હું નજીક ગયો. એટલે મારા ઉપર ઘોડો લાવીને મને ચાબુકવતી મારવા ગંડ્યો તેવો હું બુમો પાડતો નાઠો. હું નાઠો નહિ હોયતો મને કેટલો મારત તે હું કહી શકતો નથી.

ન્યાયાધીશ—એ બાબતના તારા પુરાવા છે ?

ખેડુત—હા સાહેબ પુંજો અને માધો. એ બે મારા પુરાવા છે.

ન્યાયાધીશ—સિપાઇ ? દુર્ગુણસિંહને હાજર કરો. (ખેડુતને) જાતું તારા પુરાવાને લઇને સોમવારે દશ વાગે કોરટમાં હાજર રહેજે. (જાય છે)

પ્રવેશ બીજો.

સ્થળ—દુર્ગુણસિંહનું ઘર.

પાત્રો—દુર્ગુણસિંહ, સિપાઇ અને રાજકુંવર કેસરીસિંહ;

સિપાઈ—દુર્ગુણસિંહજી કોરટનો આપના ઉપર આ વારંટ છે. માટે કોરટમાં પધારવા મહેરબાની કરશોજી.

દુર્ગુણસિંહ—લાવ કેવો વારંટ છે. (લઇને વાંચે છે) આહા હા ! જો મોટો વારંટ જા આવું છું.

સિપાઈ—ઠાકોર સાહેબ ! મારી સાથે આવવું પડશે.

દુર્ગુણસિંહ—ચાલો સાથે આવું છું. મીયાં સાહેબ લ્યો અફીણ, ઉકાતો ઉડાવો. ચાલો જવાય છે. એ શું કરનાર છે ? હમણાં કુંવર સાહેબને તેડીને જઇએ છીએ. (કુંવર કેશરીસિંહ આવે છે તે પ્રત્યે) આવો કેશરીસિંહજી.

કેશરીસિંહ—(ચહેરો જોઇને) કેમ આજે દુર્ગુણસિંહ તમારો ચહેરો ફીકો જણાય છે.

દુર્ગુણસિંહ—હજુ ઠાકોર સાહેબને તો ખબરજ નથી.

કેશરીસિંહ—(ચમકીને) કેમ શી ખબર કાંઇ નવાજુની છે ?

દુર્ગુણસિંહ—અરે કાંઇજ નહિ. ગભરાશો નહિ. ગભરાવા જેવું કાંઇજ નથી.

એ તો પેલું નાગરીઉં આજકાલ બહુ ચઢી ગયું છે. બે વરસથી દાતરડું ફર્યું નથી. અને ખેતી જરા સારી આવે છે તેથી ઢેડીને કાકી કહી તેના જેવું થયું છે.

કેશરીસિંહ—કેમ તેણે શું કર્યું છે ?

દુર્ગુણસિંહ—એણે મારા ઉપર ફરિયાદ માંડી છે. તેથી કોરટે વારંટ કાઢયો છે માટે આજ હાજર થવાનું છે.

કેશરીસિંહ—શી બાબતની ફરિયાદ.માંડી છે લાવો વારંટ જોઇએ (લઇને વાંચે છે.)

ફોજદારી મુકરદમો નં. ૩૦૬ સી. સ. પ્ર. ક. ૫૨૨ મુજબની તમારા ઉપર ફર્યાદ થઇ છે. માટે એજ કાયદાની ૧૬૨ મી કલમને આધારે તમારા ઉપર વારંટ કાઢવામાં આવે છે. માટે આ દેખત એકદમ બીન તકરારે હાજર થવું તમો કોઇપણ કારણસર નહિ હાજર થાઓ તો સી. સ. પ્ર. કા. ની કલમ ૧૭૨ મુજબની સજા કરવામાં આવશે. તા. ૧૬ માહે જુલાઇ સને ૧૯૧૦ (૫–ક–માજીસ્ટ્રેટ) દુર્ગુણસિંહ ! ગુનો તો ભારે મુકયો છે પણ જખ મારે છે એ શું કરનાર છે. ચાલો હું તમારી સાથે આવું છું (ત્રણે જણ જાય છે.)

પ્રવેશ ત્રીજો.

સ્થળ-ઇન્સાફની અદાલત.

પાત્રો—ન્યાયાધીશ, શિરસ્તદાર, વકીલ, દુર્ગુણસિંહ, કેસરીસિંહ, ખેડુત-નાગર સાહેદો,-પુંજો, તથા માધો, અને સિપાઇ વગેરે.

ન્યાયાધિશ—સિપાઇ નાગર નાથા હાજર છે ? બોલાવ. (સિપાઇ બોલાવે છે તે પ્રત્યે) કેમ નાગર ! તારા સાહેદ હાજર છે ? ઉ૦—હા સાહેબ હાજર છે. પ્ર૦—પુંજાને બોલાવ (પુંજો આવે છે તે પ્રત્યે) પ્ર૦—તમારૂં નામ શું ? ઉ૦—મારૂં નામ પુંજા પરસોતમ પ્ર૦—તમારી ઉમર કેટલી છે ? ઉ૦—મારી ઉમર પંદર વર્ષની છે. પ્ર૦—તમે શું ધંધો કરો છો ? ઉ૦—હું ખેતી કરૂં છું પ્ર૦—તમે આ કેશમાં શું જાણો છો ? ઉ૦—હમે મારી જારના માળા ઉપર બેઠા હતા તે વખત દુર્ગુણસિંહ ઘોડા ઉપર બેસી દેવગઢ જતા હતા. તે નાગરની જાર સાંસરા હુંડાં ખવડાવતા ખવડાવતા જતા હતા. તેમને તેમ કરતાં અટકાવ્યા તેથી દુર્ગુણસિંહે ગેરવ્યાજબી નાગરને મારવા માંડયો તેથી તે બુમો પાડતો પાડતો અમારી પાસે નાશી આવ્યો એ સિવાય બીજું કાંઇપણ હું જાણતો નથી પ્ર૦—માળા ઉપર તમે કેટલા માણસ બેઠા હતા. ઉ૦—હું અને માધો એ બે જણ બેઠા હતા પ્ર૦—એ તકરાર કેટલા વાગે થઇ હતી ? ઉ૦—આશરે વાંસડો દહાડો ચઢયો હતો. (સિપાઇ પ્રત્યે) સિપાઇ માધાને બોલાવ (સિપાઇ બોલાવે છે. તે પ્રત્યે) પ્ર૦—તમારૂં નામ શું ? ઉ૦—મારૂ નામ માધા માંના પ્ર૦—

તમારી ઉમર કેટલી છે? ઉ૦—મારી ઉમર સત્તર વર્ષની છે. પ્ર૦—તમે શું ધંધો કરો છો? ઉ૦—હું ખેતી કરૂં છું પ્ર૦—તમે આ કેશમાં શું જાણો છો? ઉ૦—હમે જારના માળા ઉપર બેઠા હતા તે વખતે દુરગુણુસિંહ ઘોડા ઉપર બેસી દેવગઢ જતા હતા, તે નાગરની જાર સાંસરા ડુંડાં ખખડાવતા ખખડાવતા જતા હતા તેમને તેમ કરતાં અટકાવ્યા તેથી તેમણે નાગરને ચાબુકવડે મારવા માંડયો તેથી તે બુમો પાડતો પાડતો અમારી પાસે નાશી આવ્યો. એ સિવાય બીજું કાંઇપણ હું જાણતો નથી. પ્ર૦—માળા ઉપર તમે કેટલા માણુસ બેઠા હતા? ઉ૦—હું અને પુંજો એ બે જણા હતા. પ્ર૦—એ તકરાર કેટલે વાગે થઇ હતી ઉ૦—આશરે વાંસડો દહાડો ચઢયો હતો.

વકીલ—(નાગર પ્રત્યે) પ્ર૦—તમારી પાસે દુર્ગુણુસિંહ રૂપિઆ માગે છે? ઉ૦—હા સાહેબ. પ્ર૦—કેટલા રૂપિઆ માગે છે? ઉ૦—પચ્ચીશ રૂપિઆ. પ્ર૦—શા હકથી માગે છે? ઉ૦—મેં એમની જમીન ખેડી હતી તે દાણુના બાકી છે. પ્ર૦—ઓણુ સાલ એમની જમીન તમે ખેડી છે કે? ઉ૦—ના સાહેબ. પ્ર૦—તે ખેતર ગઈ સાલથી તમારૂં ઉખેડ હતું કેમ? ઉ૦—હા સાહેબ, પ્ર૦—એ ખેતર ઓણુ સાલ ખેડવા તમે માગ્યું હતું કેમ? ઉ૦—ના સાહેબ, એમનું ખેતર ગમે એને આપે તે અમારાથી અટકાવ ન થાય (ન્યાયાધીશ પ્રત્યે) આરોપી દુર્ગુણુસિંહનું ફરિયાદીએ ખેતર ખેડયું હતું તેના પૈસા બાકી રહેવાથી આરોપીએ હોણુ સાલ ફરિયાદીને ખેતર આપ્યું નથી. એ બાબતની રીશ રાખીને આરોપીના માગતા પૈસા ખોટા કરવાને ફરિયાદીએ આ તરકટ રચેલું હોય, એમ જણાય છે.

(પુજા પ્રત્યે) પ્ર૦—તમારૂં નામ પુજા પરસોતમ કેમ? ઉ૦—હા સાહેબ. પ્ર૦—નાગરના ખેતરથી તમારૂં ખેતર છેટે છે કે કેમ? ઉ૦—ના સાહેબ મારૂં ખેતર પણ એમની પાસે છે. પ્ર૦—નાગરને મારતાં તમે નજરે જોયા છે? ઉ૦—હા સાહેબ પ્ર૦—તમે બેઠા હતા ત્યાંથી કેટલે છેટે એ મારતા હતા? ઉ૦—આશરે દશબાર રાશવાપુર છેટે મારતા હતા. પ્ર૦—તમારી પાસે નાગર રૂપિઆ માગે છે કેમ? ઉ૦—હા સાહેબ પ્ર૦—ગામમાં નાગરનો પવર છે કે કેમ? ઉ૦—ના સાહેબ (ન્યાયાધીશ પ્રત્યે) ફરિયાદી નાગર નાથાનો પહેલા નંબરનો સાહેદ દેણદાર છે. માટે તરકટના કામમાં સામેલ થયેલો સંભવે છે. (માધા પ્રત્યે) પ્ર૦—તમારૂં નામ માધા માંના કેમ? ઉ૦—હા સાહેબ પ્ર૦—તમો એ દુર્ગુણસિંહ પાસે ખેતર ગણોતે ખેડવા માગ્યું હતું કેમ? ઉ૦—હા સાહેબ. પ્ર૦—તે ખેતર તમોને ખેડવા આપ્યું નથી કેમ? ઉ૦—ના સાહેબ. દાણના રૂપિઆ ઘણા કહેવાથી મે મારી ખુશીથીજ ખેડયું નથી. પ્ર૦—ફરિયાદી તમારો કાકો થાય છે કેમ? ઉ૦—ગામ રીતે મારો કાકો થાય છે, મારો સગો કાકો થતો નથી. પ્ર૦—ગામ રીતે એટલે કેવો? ઉ૦—ચાર પાંચ પેઢીથી વધારે છેટે પ્ર૦—ફરિયાદીને મારતાં તમે નજરે જોયો છે? ઉ૦—હા સાહેબ. પ્ર૦—કેટલા વાગે એ ફરિયાદ થઇ હતી? ઉ૦—આશરે વાંસડો દહાડો ચઢયો હતો. (ન્યાયાધીશ પ્રત્યે) બીજા નંબરનો સાહેદ ફરિયાદીનો ભત્રીજો થાય છે. તેથી તથા આરોપીએ ખેતર ખેડવા નહિ આપેલું તેથી તરકટી કામમાં સામેલ થયેલો જણાય છે.

ન્યાયાધીશ—પ્ર૦—દુર્ગુણસિંહ તમારે કંઇ કેવું છે? ઉ૦—હા સાહેબ મને મારગ નહિ જડવાથી હું એના ખે-

તર સામો ઘોડે બેસીને જતો હતો. ખેતર કોનું છે તે હું જાણતો નહોતો. ફક્ત મારગ નહિ જડવાથી સામો પડતો હતો મને દેખીને ફરિયાદી ગાળો દેતો દેતો ડાંગ લઇને મને મારવા ધસ્યો અને મારા ઉપર ડાંગ નાખી તેથી મેં મારો બચાવ કરવા એના હાથ ઉપર ચાબુક માર્યો હતો. ત્યાં આજુબાજુ કોઇ હતું નહિ. અને સાહેદો માળા ઉપર બેઠેલા નહતા.

ન્યાયાધીશ—આ કેશનું રૂપ જોતાં ખાતરી થાય છે કે આરોપીએ ગુનો કરેલો છે. આરોપી પોતાના છુટકારામાં જે હકીકત જણાવે છે તે કોરટને વાજબી લાગતી નથી. કારણકે ગામડાના ખેડુત લોકો ઘણા ગરીબ સ્વભાવના હોય છે. તે આવાં તરકટી કામ કરી શકતા નથી. વિશેષમાં દુર્ગુણસિંહના હાવભાવ ઉપરથી ખાતરી થાય છે કે એ માણુસ ગુનેગાર છે. માટે રી. સ. પ્ર. કા. ક. ૨૭૬ મુજબ આરોપીને બે વરસની કેદ ને રૂા. ૭૦) દંડ કોરટ ફરમાવે છે. દંડ ના ભરે તો છ માસ વધુ કેદ ભોગવે. સિપાઇ ? દુર્ગુણસિંહનો પોશાક ઉતરાવી જેલમાં લઇ જાઓ.

કેશરીસિંહ—અય મીયાં છેટે રહે. (ન્યાયાધીશ પ્રત્યે) ન્યાયાધીશજી દુર્ગુણસિંહ ગુનેગાર નથી, છતાં કદાચ ગુનેગાર હોય તોપણ મારા મિત્ર છે. માટે આટલો વખત મારી ભલામણથી જતો કરો.

ન્યાયાધીશ—કુંવર સાહેબ એ ગુનેગાર છે માટે એમને કેદમાં લઇ જવાદો. તમારે સરકારી કામમાં વચ્ચે પડવું ન જોઇએ આ કોરટમાં કોઇની ભલામણ ચાલતી નથી. માટે આપની ભલામણ ચાલે નહિ.

કેશરીસિંહ--(એકદમ લપડાક મારીને) ઉઠ બ-કાલ! નીકળ અહીંથી. તને કોણે ઇન્સાફ કરવા બેસાડયો છે. ચાલ દુર્ગુણસિંહ નથી કેદમાં જતું. જોઇએ કોણ કેદમાં લઇ જાય છે.

ન્યાયાધીશ--કુંવરજી આ સાહસ આપને ઘટતું નથી. આ ગાદી મારી નથી. આપના પિતાની છે અને તેમનાજ હુકમથી હું ઇન્સાફ કરવા બેઠેલો છું. વિશેપ તેમના હુકમથી આપને ફરમાવું છું કે આ ગુન્હા માટે આપે પણ કેદમાં જવું અને રાજા સાહેબ ફરમાવે ત્યાં સુધી કેદમાં રહેવું. આપના પિતાનો હુકમ આપ નહિ માનો તો આપ જયારે રાજા થશો ત્યારે આપનો હુકમ કોણ માનશે ? માટે આપ ડાહ્યા રાજા થવાને ઇચ્છતા હોયતો એકદમ કેદમાં જવું. (શિરેસ્તદાર પ્રત્યે) શિરેસ્તદાર ? એમને યોગ્ય સત્તાવાળાને સ્વાધીન કરો.

શિરસ્તદાર—(નમીને) જેવી આજ્ઞા-(સિપાઇને ઇસા-રત કરે છે સિપાઇ બેઉને કબજે કરે છે).

કેશરીસિંહ--(મનમાં) મેં ન્યાય અને નીતીથી ભરેલો કાયદો તોડયો છે. તેથી પિતાજી મારાપર ગુસ્સે થશે. પણ આ કામ મેં મારા મિત્ર માટે કર્યું છે. તેથી કંઇ બાધ જેવું નથી.

ન્યાયાધિશ—(સ્વગત) આ કામથી કદાચ રાજાજી સાહેબ મારા ઉપર ગુસ્સે થશે ખરા પણ મેં ન્યાયનું પગલું ઓળંગીઉં નથી જેથી મને નુકશાન નથી. (પ્રગટ) શિરસ્તદાર કચેરી બરખાસ્ત કરો (ન્યાયાધીશ વગેરે જાય છે સિપાઇ રાજીકુંવર અને દુર્ગુણસિંહને જેલમાં લઇ જાય છે.)

પ્રવેશ ચોથો.

સ્થળ-બાગ.

પાત્રો--રાજા અને સિપાઇ તથા ન્યાયાધીશ.

રાજા--રાજાઓને રાજ્ય અને પ્રજા પ્રત્યેના બોજાથી સુખે નીંદ્રા પણ આવતી નથી. મારા રાજ્ય વિષે મારો ન્યાય નિર્મળ છે જેથી મારે કાંઇ વાતની ફિકર નથી. વળી ન્યાયાધીશે રાજકુંવરને જે શિક્ષા ફરમાવી છે તે યોગ્ય છે.

સિપાઇ--(પ્રવેશી) મહારાજા હુકમ હોયતો ન્યાયાધીશ પધારવા માગે છે.

રાજા--ભલે આવવા દો-(સિપાઇ જાય છે અને ન્યાયાધીશ આવે છે)

ન્યાયાધીશ--(નમીને) નામવર નમન કરૂં છું.

રાજા--વાહ ! મારૂં સુભાગ્ય કે ! આવા ન્યાયાધીશ અને હુકમ પાળે એવો કુંવર મારે છે. ન્યાયાધીશ ! કુંવરે જે અદબી કરી તે માફ કરશો. ને મારા ગુજર્યા પછી પણ આવીજ રીતે કોરટને દીપાવશો એવી આશા છે.

ન્યાયાધીશ--(નમીને) ઇશ્વરનો ઉપકાર માનું છું. ન્યાયના નિર્મળપણાને સમજનારા ને પોતાના રાજના અમલદારોની ઇન્સાફી વલણને વખાણનારા આપના સરખા મહારાજાઓ જગતના માનથી પુંજાવા જોગ છે.

રાજા--હું બહુ પ્રસન્ન થાઉં છું હવે હું જાઉં છું.

ન્યાયાધીશ--વારૂં સાહેબ ! (અરસપરસ જાય છે. થોડી મુદતમાં રાજા મરણ પામવાથી કુંવર ગાદીનશીન થાય છે.)

પ્રવેશ ૫ મો.

સ્થળ-રસ્તો.

પાત્રો--દુર્ગુણસિંહ, તથા પાછળથી ન્યાયાધીશ વગેરે.

દુર્ગુણસિંહ--(પ્રવેશી) હવે જોઇલો બંદાના ઝપાટા મિત્ર ગાદીએ બેઠા છે. હવે આપણુને કંઇ ભારે હોદ્દાની નોકરી મળશે, પછી ધાર્યા પોબાર પાડીશું. લુચ્ચા ન્યાયાધીશ તું પણુ યાદ રાખ મારૂં વેર પણુ લઇશ. (જાય છે. અને ન્યાયાધીશ પ્રવેશે છે.)

ન્યાયાધીશ--અરે પ્રભુ ! તારી ગતિ ગહન છે. જળ ત્યાં સ્થળ, અને સ્થળ ત્યાં જળ તું બનાવે છે, રંકને રાય ને રાયને રંક પણુ તુંજ બનાવે છે.

તારા કાર્યને કોઇ કળી શકતું નથી તો હું પામરજન શી રીતે કળી શકું ? માટે હે ઇશ ! સંકટની શંકા લાવી આપને અરજ કરૂં છું કે આ વખતે મારી લાજ રાખવી આપના હાથમાં છે. મને ખાતરી છે કે કુંવર સાહેબ જુનું વેર ભુલ્યા નહિ હોય ? માટે તે વેર યાદ કરી મને કોણુ જાણે શી શિક્ષા કરશે ? જે બને તે ખરૂં ! ઇશ્વરે ધાર્યું હશે તે થશે. ડાહ્યા પુરૂષોનું વાક્ય છે કે ' સાચને આંચ નહિજ આવે ' માટે ગભરાવું નહિ. (જાય છે.)

પ્રવેશ છઠ્ઠો.

સ્થળ--આજ દરબાર.

પાત્રો--રાજકુંવર (રાજાના પોશાકમાં કચેરી ભરી

બેઠા છે. દરબારીઓ તથા કારભારી મંડળ હાજર છે) બાદ દુર્ગુણસિંહ તથા ન્યાયાધીશ વગેરે.

રાજકુંવર—(ઉભો થઇને) મારા વ્હાલા દરબારીઓ! તથા પ્રજા અને સભાસદો આજે હું મારા પિતાની રાજગાદી પર તેમના વારસ તરીકે દાખલ થયો છું. રાજા તરીકેની ફરજ અને જોખમદારી કેટલી છે તે વિષેમાં મારા પૂજ્ય પિતાજી પાસેથી મળેલા ઉપદેશ અને થયેલા અનુભવથી ખાત્રી આપું છું કે હું મારા પિતાની નિર્મળ રાજનીતીને પગલે ચાલીને ન્યાયને પુરતી કિંમતે ખરીદીશ. પ્રજાના સામાન્ય હકનો રાજ્ય પ્રજાનો પ્રેમ સારી રીતે સાંભળીશ. એટલુંજ નહિ પણ મારા જાતના રક્ષણ ક- કરતાં રાજ્યપ્રજાના રક્ષણ ઉપર હું લક્ષ આપવાની મારી પહેલી ફરજ સમજીશ.

દરબારીઓ—(સર્વે ઉભા થઇને) આપનું રાજ્ય અમર તપો. આપનો અમલ સદાય રહો. (કહી બેસે છે.)

દુર્ગુણસિંહ—(પ્રદેશી) હે પરમ મિત્રરાજ નમન કરૂં છું.

રાજકુંવર—હે દુર્ગુણસિંહ! તમો મારા મિત્ર હતા. પણ હાલ તમને મિત્ર તરીકે હું ગણતો નથી. કારણકે તમારી રીતભાત સારી નથી. તમારી સોબતથી હું બગડયો હતો પણ ઇશ્વર કૃપાથી હવે સુધર્યો છું. માટે તમને કહું છું કે તમારે સુધર્યા સુધી તમારૂં મ્હોં મને બતાવશો નહિ. તમને ખર્ચીના દર મહિને વીશ રૂપિઆ બાંધી આપું છું તે વડે તમારે તમારૂ ગુજરાન ચલાવવું.

જ્યારે તમે સુધરશો અને તમારી ચાલનાં વખાણ હું સાં-ભળીશ ત્યારે તમને મારી પાસે બોલાવી લઇશ. અને મ્હોટી જગ્યા આપીશ. માટે જાઓ હવે તમારી સાથે વધારે વાતચીત કરવાને હું ઇચ્છતો નથી.

દુર્ગુણસિંહ--વારૂ મિત્રજી (કહી જાય છે.)

ન્યાયાધીશ--(પ્રવેશીને) રાજકુંવરજી અભિવંદન કરૂં છું.

કેશરીસિંહ--(ઉઠીને) આવો મારા ન્યાયી ન્યા-યાધીશ. આવો આપને જોઇને આજે હું બહુજ ખુશી થાઉછું. (સભાસદો પ્રત્યે) સભાસદો આ વીરનો જેટલાં વખાણ કરીએ તેટલાં ઓછાં છે. હાલના સમયમાં એમના જેવા પુરૂષ ઓછાજ હશે. (બલ્કે કોઇ નહિ હોય) મારી સાથેના પ્રસંગથી તમો સર્વે વાકેફ છો, માટે તે હું કહેવા ઇચ્છતો નથી. તમો સર્વે એમનો દાખલો લઇ એમના જેવા ન્યાયી, નિમકહલાલ ને હિંમતવાન થાઓ. એવી તમને સર્વેને મારી ભલામણ છે. તમારે જાણવું જોઇએ કે એવા પુરૂષને હું ચાહું છું. અને રાજની મ્હોટી પદવીઓ એવાજ વીર નરને આપીશ.

ન્યાયાધીશજી તમને તમારી જગ્યાએ બહાલ રાખ્યા છે. એટલુંજ નહિ પણ તમને તમારી સારી ચાલ માટે રૂ. ૨૦૦) અંકે બસો દરમાસે પગાર ઉપરાંત વધારે મળશે તે કબુલ કરશો. તથા મારા પિતાની સાથે રહેતા હતા તેવીજ રીતે મારી સાથે રહી અમને તથા અદાલત કોર્ટને દીપાવશો એવી આશા છે.

રાગ કલ્યાણ.

સવૈ—શ્રી કૈલાશપતિ, શીવ અર્પો શુભમતિ;
સકળ સૃષ્ટી માંય, તુંજ અકળ છે ગતિ, ટેક.
રાજકુંવરનો ફારસ ભજવ્યો, પ્રેમ થકી આ વાર;
સર્વ સભાને પ્રણામ કરીએ વિનવી વારંવાર. શ્રી.
દુષ્ટ દુર્ગુણની સોબતે, કુંવર પામ્યો દુઃખ;
સંગત સારી પામ્યો ત્યારે, અંતે પામ્યો સુખ. શ્રી.
માટે મિત્રો મારા સરવે, કરજો સારો સંગ;
પાછળથી પસ્તાશો પૂરા, કહે 'બાપુ' કુસંગ. શ્રી.

સમાપ્ત.

શ્રી સંગીત વિષય ભાગ બીજો.

વિદ્યાવિલાસ અને મુર્ખદત્તનો ફારસ.

(૧)

સ્થળ--રંગભુમિ,

પાત્રો—સુત્રધાર અને નટવરલાલ,

મંગળાચરણ.

કલ્યાણ.

સુત્રધાર--જે હરી હરા, તુજ અકળ છે કળા;
ધન્ય શિવ શંકરા, તુમાં નહિ મણા. ટેક.
વિદ્યાવિલાસનો ફારસ ભજવું, પ્રેમ થકી આ વાર;
નિર્વિઘ્નને પુરો કરવા, સાંયક તું જગધાર.........જે.
શીશુ સારી સંગત પામે, ડરે ન દીલમાં લેશ;
સરસ્વતીની પ્રીતિ નીહાળે, એ ' બાપુ ' ઉદ્દેશ.....જે.
સ્હાય કરો શિવશંકર ભોળા, અરજ કરૂં આ વાર;
સર્વે સ્થળમાં સ્હાય કરીને, ભોળા ભવથી તાર ...જે.

સોરઠો.

વંદન કરી બહુવાર, ગણિ વળિ પ્રભુ અગણિત ગુણો;
સઉ સજ્જન આ ઠાર, મળી સુંદર ફારસ સુણો.

ત્રિતાળી ચોપાઇ.

સુત્ર—ફારસ પાત્રનો વેશ સજાવ્યો,હજુ નટવરલાલ ન આવ્યો;
નટ—આવ્યો વેશ સજીને વિચીત્ર, ફરમાવો હુકમ પ્રેમી મિત્ર

લાવણી.

સુત્રધાર—અરે તું સુણ નટવરલાલ, ધરી ન વ્હાલ;
વદું છું હાલ, સર્વ વિસ્તારી. (૨)—
તે આપ રૂદેમાં સત્ય લેજો વિચારી. ૧
ભરી સભા આ ઠાર, સુધારવા બાળ;
કર્યો વિચાર નિશ્ચય આ વારી, (૨)—
તે આપ રૂદેમાં સત્ય લેજો વિચારી. ૨
નટવર—કયો પ્રયોગ આવાર, ધાર્યો નિરધાર;
ભજવવા સાર, કહો વિસ્તારી (૨)—
તે આપ રૂદેમાં સત્ય લેજો વિચારી. ૩
સુત્રધાર—કહું પ્રયોગનો સાર, નક્કી આવાર;
ધરી સત્ય પ્યાર, વંદુ આ વારી (૨)—
તે આપ રૂદેમાં સત્ય લેજો વિચારી. ૪

ધનાશ્રી.

સુત્રધાર—વિદ્યા ધન ભંડાર જગમાં વિદ્યા ધન ભંડાર;
દે સુખ અપરંપાર.........................જગમાં;
ખપથી ન ખુટે ચોર ન લુંટે જેને છે ભય ન લગાર. જ. ૧
માત પિતાની સેવા કરાવે, સુખી કરે સંસાર. જ. ૨
ઇશ્વર ભજવા પંથ સુઝાડે, શુદ્ધ કરાવી વિચાર. જ. ૩
પરમારથમાં પ્રીતિ કરાવે, જેથી ઉતરીએ પાર. જ. ૪
આ જગમાંહી સરસ ગુણોની, વિદ્યાછે મોટી વખાર. જ. ૫
વિદ્યાવિણુ સરવે જન કેરો, જાય અફળ અવતાર. જ. ૬
એઠા શું આર્ય દ્વિજર જોડી, અર્થે ભણે રચનાર. જ. ૭

બનજારો.

નટવર--થઈ ખરી ખાતરી મારી, મુજ પ્રીય બંધુ;
આ વારી. ટેક.

ધન ધન મિત્ર શુભકારી, શુભ વિચારે વિદ્યાધારી,
એ તુજ નેક ટેક બલીહારી..................મુજ.
જલ્દી જાઉં મિત્ર આવારી, આપ હુકમ કરો શીરધારી;
મુજ પ્રિયબંધુ આવારી.......................થઇ.

સુત્રધાર--બસ વખત થઇ બહુભારી, તેથી જલ્દી વહીઆવારી;
કરો કાર્ય સફળ કીરતારી.......................ધન.

પ્રવેશ પેહેલો.

સ્થળ--વિદ્યાવિલાસનું ઘર.
પાત્રો--વિદ્યાવિલાસ અને વિલાસવિર.

તુટક બનજારો.

વિદ્યાવિલાસ--
આ ભણ્યા (૨) વિના હે ભાઇ સૌ મિલ્કત વણુસી જાઇ;
મહા મુલ્ય (૨) સદા સુખદાઇ, છે સરસ્વતીજી માઈ.
ઉઠો બંધવ હવે જાગો, નીજ કમર કશીને લાગો,
બહુ થઇછે આળસ ત્યાગો, અરે ઝટ ઝટ, તજી ખટપટ;
ભણો ઝટપટ, વખત વહી જાઈ. ... ... સૌ.
આ વખત ફરી નહિ આવે, પસ્તાવો પાછળ થાવે,
ક્યાં વ્યર્થ વખત ગુમાવે, અરે છટ છટ, નફ્ટ ફટ ફટ;
સમજ નટખટ, અક્કલ ગઈ ક્યાંઈ..................સૌ.
શાણાને અણુસાચા, મુરખને માટે ગતારો,

સૌ વિદ્યા વર્તન વધારો, આણીને ખ્યાલ, કેળવો બાળ;
તજી જંજાળ, ચેતો સૌ ભાઇ... ... ...સૌ.
છે ભાગ્યોદય આ વારી. ... ...
વિલાસ-- ... ...કીધા સૌને તમે આભારી.
વિદ્યાની વાત વધારી... ... ...
વિદ્યા-- ... ... ખુરાનુદીન, શાહબુદ્દીન.
દેશ હાઝીન કરે ઉપાઇ... ... ... સૌ.

રાગ-ચોપાઇ.

વિદ્યાવિલાસ—

વખત શાળાનો થયોરે બંધુ, મુજ વચન સુણો એ બંધુ;
ચાલો ઝટ વેગે હવે તહી, ગુરૂશાળા પધાર્યા મહી.

વિલાસવીર—

તારાં વચન અમૃત ધારી, ચાલો ચાલો અરે શુભકારી.

રાગ-અંગ્રેજી.

વિદ્યાવિલાસ—

ચાલો હવે નિશાળે, ભણુવાને જઇએ.
આ ચોપડીઓ પાટી પેન, સહુ લઇને.
ઘંટ વાગ્યા પહેલાં, વર્ગમાં રહીએ.
છોકરાંથી વહેલા જઇ, ઝટ ઝટ પટ.
સા-રી-ગ-મ-પ-ધ-ની-સા.
સા-ની-ધ-પ-મ-ગ-રી-સા.--(જાય છે.)

પ્રવેશ બીજો.

સ્થળ—નિશાળ.

પાત્રો--માસ્તર, સર્વે વિદ્યાર્થીઓ અને સ્વાર્થદત્ત.

ગાયન.

વિદ્યાર્થીઓ--ગુરૂ જય જય વિદ્યાપતી.

નમન કરીએ સૌ પ્રીત ધરીને.
કાપો કુમતી, આપો સુમતી; ગુરૂ.
સત્ય વિદ્યાવંત, ભવદુઃખ ભંજન.
વિદ્યા આપો કરી મયા.
ગુરૂ પાવન કરવા હમને.
હેતે-પ્રીતે-ચીત્તે-કીધી-સ્તુતિ-ગુરૂ.

તૂટક બનજારો.

માસ્તર--

ભણો સૌ (૩) તમે ભાવે એમાંથી અક્કલ આવે. ટેક.
તમે ચલાવો સાચી ચતુરાઇ, તજો ખોટી આપ વડાઇ.
કરો ભણવામાં સરસાઇ, ધરી હામ, દીપાવો નામ;
ચશે શુભ કામ, મહેનતુ ફાવે, દઇ માન બધા બોલાવે. ભણો.
તજી આળસ વહેલા જાગો, પગે માત પિતાને લાગો.
કરી પાઠ ખરો જશ માગો, સુખ થાય એથી મનમાંય;
સર્વે ખુશ થાય, વહાલ બતાવે, દઇ ચીજ હરખ ઉપજાવે;
ભણો.

સ્તુતિ.

(રાગ વારી તન મન તુજ પરનો.)

સર્વે વિદ્યાર્થીઓ—

શ્રીયશને સિદ્ધી સાથે, રિદ્ધી પુરણ પ્રેમથીરે,
સરસ્વતીજી વસો રૂદેમાં, થાય સુ-બુદ્ધિ સ્નેહથીરે;
રસમય રસના રંગ રાગથી, ગાય બાળસુ-નિતથીરે,
નામ અમર સુ-કીર્તિકાજે, પ્રગટાવો આનંદ;
રહે રૂદેમાં વાસ આપજો, કામ થાય શુભ સ્હાયથીરે.

સાખી.

બાળ કાજ શુભ રાસમાં, પુરણ ખીલે તંન;
ભાવ સહિત સ્તુતિ કરી, ઈશ્વર ધારો મંન. રસમય.

રાશ.

(રાગ પુનમચંદનીને મળતો.)

પુરી ખીલી છે સરવે શોભા અહિંરે,
આજે અંગમાં આનંદ અપાર, ખીલ્યો બાર;
પ્રીતે ગુંથો દોરી બાળક સરવે આપણેરે. ટેક.
સુંદર રંગીલા દંડીકા કરે ધર્યારે,
વળી વિધ વિધ રંગે રંગી દોરી આઠ, કીધો ઠાઠ—પ્રીતે.

સાખી.

કુંડાળે ઉભા રહો, આઠે થઇ તૈયાર;
તાલ પ્રમાણે ચાલજો, ભુલ ન પડે લગાર.
ચાલે રસ્તામાં ભાત પડે વેલી સમીરે,
જેથી જોનારા જન અતિ હરખાય, પુરણ થાય—પ્રીતે.

સાખી.

ગુણ ગાઇએ ઇશ્વર તણા, તેથી સ્હાયજ થાય,
જેમ ગુંથીએ તેમ છોડીએ, અવળા ફરી છોડાય.

છોડો ગુંથણી ગુંથી પૂરણુ પ્રભુ વ્હાલથીરે,
એવાં નિત નિત નૌતમ 'બાપુ' કેરાં કામ, પુરો હામ.
પ્રીતે છોડો ગુંથણી બાળક સરવે આપણેરે

સાખી.

રમ્યા રાશ રંગે હરી, આશા પુરણુ થાય;
સરસ રાશ રંગે ભરી ઉત્તમ કીધી સ્હાય.
પુરી ખીલીછે સરવે શોભા અહિં રે.
આજે અંગમાં આનંદ અપાર ખીલ્યો બાર,
પ્રીતે છોડી ગુંથણી ગુંથી સરવે આપણેરે—

(રાગ ભરથરીનો).

સ્વાર્થદત્ત—
આજ આવી આપ હજુરમાં, કરજોડીને કરૂં વિનતી;
મુજ અરજ આપ રૂદે ધરી, કરો મુજને પાવનજી.
ઓરે સુધારક ગુરૂ તનના.

માસ્તર—
શીરે અરજધારી ઉરમાં, આવ્યા છો મુજ પાસજી;
શોક દુઃખ સરવે તજી કહો સત્ય આવારજી.
શું રે દુઃખછે એવડું તનનું.

સ્વાર્થ—
વંઠેલ મૂર્ખ મુજ તન છે, તેને સુધારવા કાજજી;
આપે શાળામાં દાખલ કીધો, પણ સુધર્યો ન એ તનજી,
ઓરે સુધારક ગુરૂ તનના.

માસ્તર—

આપ તનને સુધારવા, હવેથી લઇશ હું ઉપાયજી;
માટે શોક તનનો તજી પધારો તમે ધામજી.
ઓરે તાત મુર્ખ દત્તના.

સ્વાર્થ—

સમજુછો આપ ગુરૂ તનના, તેથી કરજો શુભ કામજી;
સોંપ્યો પુત્ર તમને હવે, જાઉંછું મુજ ધામજી,
ઓરે સુધારક ગુરૂ તનના. (જાય છે.)

વિદ્યાવિલાસ-વિલાસવીર. ગજલ.

આપો રજા હમને ગુરૂ એછે હમારૂ કામ;
જલ્દી જઇને આજ એને લાવીએ આ ઠામ.

માસ્તર—જાઓ તમે જલ્દી આજે કરજો શુભ સાજ.
સમજાવીને લાવો એને જેથી સુધરે કાજ.

(સર્વે જાય છે.)

પ્રવેશ ત્રીજો.

સ્થળ—રસ્તો.

પાત્રો.—મુર્ખદત્ત, તથા સાથીઓ અને પાછળથી વિદ્યા-વિલાસ. અને વિલાસવીર.

મુર્ખદત્ત તથા સાથીઓ- ગાયન.

સૌ મિત્ર મળી ખેલવાને જઇએ.
બાંધી મીર દડો ફેંકી દાવ લઇએ—સૌ.

પહેલી મીરવાળા—ચાલો આમ-ભાગો આમ.
નાશો આમ—ઠામ ઠામ ઠામ.
નહિતો દડાનો માર ખાઇએ.—સૌ.

બીજી મીરવાળા—આવો આમ રાખી હામ.
દાવ માથે છે તમામ.
વાત સાચી છે જુઠું કેમ કહીએ—સૌ.

(સાથીઓ દડા પાછળ દોડી જાય છે.)

ગાયન.

સુર્ખદત્ત—
હાયે ધરૂં કેમ ધીર—
ધડક ધડક મમ હૃદયજ ધડકે, આવેછે શાળાના વીર–હાયે.
થરર થરર કંપે અતિ તનમન સુખ ન પામે શરીર;
સ્હાય કરો મિત્રો આવી આ વખતે ભાગો મારી બીડ–હાયે

ક્ષત્રી કલંક.

વિલાસવીર—
કેમ રમ્યા કરેછે ગમાર, નિશાળે કેમ નથી આવ્યોરે.
થઇ ગયોછે વખત અપાર, ”
સુર્ખદત્ત—
ભણી ભણી નથી થવું ભુપ, નિશાળે હુંતો નહિ આવુંરે.
છે વિદ્યા નરકનો કુપ, ”
વિદ્યાવિલાસ—
બસ બસ કર લવરી તું ચુપ, નિશાળે કેમ નહિ આવેરે.
જાણે ઉચરે વચન મુર્ખભુપ, ”
સુર્ખદત્ત—
ગેડીદડા લખોટી અપાર, નિશાળે હુંતો નહિ આવુંરે.
રમવામાં પડે છે બહુ તાલ, ”
વિલાસવીર—
છે લખોટા રંગાકાર, નિશાળે કેમ નહિ આવેરે.
એથી બુદ્ધિનો થશે વિસ્તાર, ”

મુર્ખદત્ત—

ભજ્યા રંગ લખોટાકાર, નિશાળે હુંતો નહિ આવુંરે.

એથી ઉપજે છે મને ઘણો ત્રાસ, ”

વિદ્યાવિલાસ—

ફટ ફટ નાદાન તુજ સાથ, નિશાળે કેમ નહિ આવેરે.
ગયો ત્રાસ ગામઠી શાળા સાથ, ”
હવે સરકારે કર્યું છે ઘણું સુખ, ”
તેની સાથે ગયું સર્વે દુઃખ. ”

મુર્ખદત્ત—

ભણે ભાટ બ્રાહ્મણના તન, નિશાળે હુંતો નહિ આવુંરે.
વળી વણીક ભણે દઈ મન, ”
ભણેલા રખડે છે અપાર, ”
નશીબે લખેલું નિરધાર, ”

વિલાસવીર—

મુરખ નહિ નહિ નોકરી માટ, નિશાળે કેમ નહિ આવેરે.
ભણવું અક્કલ લેવાને કાજ, ”
ભણે સકળ સમજુ દઈ મન. ”
ભણે તેનો અવતાર ધન, ”

મુર્ખદત્ત—

અલ્યા ખેતરમાં જઈ કરૂં કામ, નિશાળે હુંતો નહિ આવુંરે.
પૈસા કમાઉં વધારૂં મારૂં નામ ”

વિદ્યાવિલાસ—

વિદ્યા વગર વધે તો ઇશ્વર આણુ, નિશાળે કેમ નહિ આવેરે.
એતો વંઠા ઉપરનું કરપણુ જાણુ. ”
મુરખ વિદ્યા વાળાની લક્ષ્મી દાસ, ”
એથી દુર્ગુણુ પામે છે સર્વે નાશ, ”

મુર્ખદત્ત--

ભણેલાથી મરાય નહિ મોજ, નિશાળ હું તો નહિ આવુંરે.
ભણેલા શું કરે કહો કાજ, નિશાળે હું તો ઝટ આવુંરે;

વિદ્યાવિલાસ—

કહી સંભળાવું ઉરમાં ઉતાર, નિશાળે તુતો ઝટ આવેરે.
જોગી સુજ્ઞજનો પણ લેશે સાર. ,,
બળવાળો બળદ ખેંચે ભાર આગળ ફળ જોજે એનાંરે.
કળવાળો બેસે નિરધાર, ,,
જોજો તાર ગાડીનો ગજબ, ,,
જાય પળમાં એ ગાઉ અજબ, ,,
અંગ્રેજ ઉડે જો આકાશ, ,,
શિયાળ મટી સિંહ થયા આજ, ,,
લાભ નિશાળના એ ખાસ, ,,
તારા જેવી કરે પતરાજ, ,,

વિલાસવીર-- ગાયન.

મુરખ તું માન કહ્યું મારૂંરે, મુરખ તું માન કહ્યું મારૂં,
નિશાળે ભણવા આવ્યાથી, સારૂં થશે તારૂં.
અલ્યા ભાઇ ભણીશ તો સારૂરે, અલ્યા ભાઇ ભણીશતો સારૂં;
બુદ્ધિનો વિસ્તાર થયેથી કાર્ય થશે તારૂં—

મુર્ખદત્ત—

ભણ્યાથી મારો થશે સુધારોરે, ભણ્યાથી મારો થશે સુધારો;
અણુસમજુ માબાપે મારો, બગાડયો જન્મારો,
ભાઇ તારી શીખામણ માનુંરે, ભાઇ તારી શીખામણ માનું;
શીખામણ સુણી તુમારી તુરત નિશાળે આવું.

વિદ્યાવિલાસ-- મ્હાડ.

અરે ઓ વિદ્યાના અર્થી, જ્ઞાનના ગર્થી.
ભણુવામાં રાખ ઉમંગ. ૧
શીખ સારી કદરથી, આવીને ઘરથી વિદ્યાના અર્થી;
ભણુવામાં રાખ ઉમંગ. ૨
માતપિતા તારાં પૈસા ખર્ચે છે દેવા શું વિદ્યા દાન.
જેણે વિદ્યાનો સ્વાદ ન ચાખ્યો, તે છે પશુ સમાનરે;
ભણુ નાની ઉમરથી નેકી નજરથી વિદ્યાના અર્થી,
ભણુવામાં રાખ ઉમંગ. ૩
ચોર ઠગારા ઠગી શકે નહિ, માગે ન ભાઇઓ ભાગ;
દુષ્ટ રાજા પણુ લુંટે શી રીતે, અડકે ન એને આગરે.
વધે વિદ્યા વાપરથી, સુનીતિ જરથી, વિદ્યાના અર્થી;
ભણુવામાં રાખ ઉમંગ. ૪

મુર્ખદત્ત—(ભાષણુ) હારે હા ભાઇ હવે હું સમજ્યો, અને આજથી દરરોજ હું નિશાળે આવીશ. અને પુરેપુરૂં મન દઇને શીખીશ. ભાઇ તમોએ મને સમજાવવાને ઘણી મહેનત લીધી તેથી તમારો હું ઘણો આભારી થયો છું. એ ગુણુનો બદલો વાળવા હાલ હું શકિતમાન નથી.

પણુ ખરા અંતઃકરણુથી ઇશ્વર પાસે એટલું માગું છું કે પરમેશ્વર તમોને સદા પ્રસન રહો. અને આવાં શુભ કામ કરાવો. એટલું કહી હું નિશાળે જવા રજા લઉં છું.

(જાય છે.)

વિલાસવીર—(ભાષણુ સભા પ્રત્યે) હે મુરબ્બી સજ્જનો ! હું એક અલ્પમતીવાળો આપનો દીન-સેવક આપ સર્વ સભાસદોની સમક્ષ બે બોલ બોલવાની રજા માગું છું તે લક્ષમાં લેશો.

આ રમતીઆળ છોકરાને કેવી રમતની લેહ લાગી હતી. તેને જ્યારે ભણવાથી જન્મારો સફળ થાય છે. એવું સમજાવ્યું ત્યારે એ નિશાળે આવવા તૈયાર થયો. નાનાં છોકરાંને નાનપણમાં રમવામાં બહુ મન હોય છે તેમનું રમતમાંથી મન કાઢીને નિયમીત રમત રમવા તથા નિશાળે મોકલવાં એ તેમનાં માબાપોનું કામ છે. કેટલાંક છોકરાંને નિશાળે જવું-આવવું પડે છે, માટે રહે છે. ત્યારે તેમનાં માબાપ કહે છે કે લે હીંડ બેટા આજ નહિ કાલે જજે. એમ કહીને તેને કહેવાનો ટેકો આપે છે- માટે હે સજ્જન પુરૂષો તમો એવા મુરખ મનના માબાપોને શિખામણ આપો. વળી જે છોકરાં નાનપણમાં ભણતાં નથી તે મોટપણમાં કેવાં પસ્તાય છે. તે આપ સુજ્ઞ માણસોના જાણવામાં હશે? માટે વધારે નહિ તો હિસાબ, ખત, કાગળ, નામું વગેરે ખપજોગું ભણે એટલું તો અવશ્ય ભણાવવું જોઇએ. એવી મારી નમ્ર અરજ છે. ભણેલા માણસો પોતાની જીંદગી સુખથી ગુજારે છે. માટે આ ઉપરથી વિચાર કરી પોતાનાં બાળકોને વિદ્યારૂપી સ્વાદ ચખાડો કે જેથી ઉપયોગી થઇ પડે. માટે આ બાબતપર જરૂર લક્ષ આપશો એવી આશા રાખું છું.

(જાય છે).

વિદ્યાવિલાસ-રે સદ્ગૃહસ્થ ભાઇઓ! આ મુર્ખદત્તની માફક હલકા વિચારો કરી ઘણા છોકરા નિશાળ છોડી રખડતા ફરે છે અને તેમને તેમનાં માબાપ પણ પુરા દાબમાં રાખતાં નથી તેથી તેમનો મનખો રદ થાય છે.

ખેતીનો ધંધો બધા ધંધામાં ઉત્તમ છે તે ખરૂં છે. પણ તેમાં કેળવણીની કંઇ જરૂર નથી એમ માનવું ભુલ ભરેલું

છે. કારણ કે કોઇપણ ધંધો એવો નથી કે જેમાં કેળવણીની જરૂર ન પડે. દરેક ધંધામાં કેળવણીની ખાસ જરૂર પડે છે. આપણ દેશની બહોળી ફળદ્રુપ જમીન છતાં આપણા ખેડુતો ભુખે મરે છે તેનું કારણ શું? કારણ એમજ કે કેળવણીની કસુર. માટે હે સાહેબો? સર્વ ખેડુતોને વિનંતી પૂર્વક કહું છું કે તમો તમારૂં અજ્ઞાન ટાળો અને બાળકોને સારી કેળવણી આપો જેથી પશ્ચિમમાં તણાતી લક્ષ્મી બચે. તથાસ્તુ!!! (જાય છે.)

પ્રવેશ ચોથો.

સ્થળ--શાન્તીભુવન--પાત્રો સર્વે

કલ્યાણ.

પ્રીય સભાજનો વંદીએ અમો
આવે પ્રસંગે કૃપા કરી પધારજો તમો—ટેક
કૃપા કરી અમ ઉપરે ને આવ્યા ફારસ સુણવા.
લક્ષ આપશો હમેશ આવું, કેળવણી આદરવા. પ્રીય.
ખુશ થયા છે તમને ભારી, પધાર્યા આ દીન.
તપાસ કરીને સુબોધ આપજો, જેથી સુધરે જંન. પ્રીય.
આવ્યાની તસ્દી માફ કરશોને, ક્ષમા કરજો ધણી.
સર્વ ગામનું ભલું ઇચ્છજો, ઇશ આપણો ધણી. પ્રીય.

સમાપ્ત.

સીકંદર અને પૌરસ રાજાનો ફારસ.

(૨)

સ્થળ-રંગભૂમિ પાત્રો-સુત્રધાર, અને બાળકો.

મંગળાચરણ.

કલ્યાણ.

સુત્રધાર--

કથન હું લહું, યુદ્ધનું સહું,
પૌરસ સિકંદરના યુદ્ધનો હેવાલ હું કહું. ટેક.
એસિડોન્યાનો મ્હાન સિકંદર, દિગ્વિજય કહેવાય.
હિંદુસ્તાનના પંજાબમાંનો પૌરસ સામો થાય. કથન.
રાજા સિકંદરે છળ યુક્તિથી પૌરસને હરાવ્યો,
હિંદુરાજા ભોળા ભાવથી, દુશ્મનને હાથ આવ્યો. કથન.
સારૂં નરસું માની લેજો, સભાજન આ ઠાર;
ટુંક બુદ્ધિથી હમે ઓચરીએ, બાળક સૌ આવાર. કથન.

પ્રવેશ પહેલો. (જાય છે.)

સ્થળ-રસ્તો પાત્રો-સિકંદર અને સરદારો.

સિંકદર--(નિર્બળ શત્રુ સબળ રાજપર-એને મળતો)
હે સરદારો સજ્જ થઇને, શુર ઘણું તમે આદરો;
પંજાબ દેશમાં પોરસરાજા, યુદ્ધ કરી સંહાર કરો. ટેક.
જંપ કરીને સંપ ત્યાં કરજો, હિંમત ધરી તમે યુદ્ધ કરજો;
આશીશ તમને આપીશ હુંતો-નદી કિનારે જઇ ઠરજો. હે.
ચાલો ચાલો ચાલો હવે, વાર બહુ લાગે;
નમો નમો નમો તમે, ખુદાવંત આગે. હે.

(જાય છે.)

પ્રવેશ બીજો.

સ્થળ-કચેરી પાત્રો-પૌરસ રાજકુંવર અને સરદારો.

પૌરસ--(રાગ વૈદર્ભી-સામગ્રીનો).

સાંભળો યોદ્ધા સહુ માહેરા, કરવું યુદ્ધ અપાર;
દુશ્મન સામે આવીઆ, તેનો કરોરે વિચાર. ટેક.
સામે કાંઠે મુકામ કર્યો, વેરીઓ આવ્યા છે પાસ;
તોપોના તડાકા[1] થયા ઘણા, હવે છોડો કચાશ. સાંભળો.
ચિરંજીવી મુજ તન આ, તેને મોકલું તમ સાથ;
બહાદુરીથી લડજો સહું, જાત ઇશ્વર હાથ. સાંભળો.

રાજકુંવર-(અંગ્રેજી-લટકે મટકે જાવું લડવા એ રાગ)

હે સરદારો, બહાદુર મારા, ચાલો લડવા જઇએ સાથ.
હિમત ધરીને હોંશ કરીને, દુશ્મન સાથે ભીડીએ બાથ.
આવતાં તીરને તરછોડીને, બંદુક ફોડી કરી સંહાર.
ઝટપટ કરીને તૈયાર થાઓ, હાથે ધરો હોંશે હથીઆર.

રાજકુંવર— ગાયન.

તમે આવોની આમ તમે આવોની આમ.
યુદ્ધ કરવાને જઇએ તમામ— ટેક.
સામે કાંઠે દુશ્મન રાજા, આવ્યો ધરીને હામ;
યા હોમ કરીને આપણે પડીએ, રહેશે અમર નામ તમ.

સરદારો— સદર.

ચાલો જઇએ હો આજ ચાલો જઇએ હો આજ.
શિર નમાવીને કરીએ એ કાજ. ટેક.

---

૧ બાર થાય છે.

લુંણુ પાણી હમે આપનું ખાધું, તેને કરીએ હલાલ.
સર્વે ભાઇઓ તન મન રાખો, કરો એના બેહાલ. ચાલો.
(જાય છે.)

પ્રવેશ ત્રીજો.

સ્થળ—રણભૂમિ. છાવણી.

પાત્રો—સિકંદર તથા લશ્કર અને રાજકુંવર
તથા સરદારો વગેરે.

ક્ષત્રી કલંક.

રાજકુંવર—

અલ્યા કોણ પડયો છે સામે તીર, તીરથી તારો તાર કાઢું રે.
હું આવ્યો છું લેવા, તુજ રૂધીર, ,,
મુજ તાતે મોકલ્યો છે તુજ પાસ, ,,
તુતો જીવવાની છોડજે આશ. ,,
હુંતો છું ક્ષત્રી કેરો તંન, ,,
મુજ પિતા છે પૌરસ જન, ,,
કેમ ઉભો રહયો છે તું ક્રૂર, ,,
ઝટ વારમાં ઉતારૂં તારૂં નુર, ,,

સિકંદર— સદર.

બાળક આશું બોલે તું વચન, વચન લાગે ક્રૂર જેવાં રે.
હજી વિચાર નથી તારે મન, ,,
રાજ લેવા આવ્યો છે તારૂં હુંજ, ,,
કરી લેજે ઇશ્વર સ્તુતિ તુંજ, ,,
એક ગદા પડશે તુજ શરીર, ,,

થાશે ધરણી પડી ચકચુર, "
નથી જોયા તે મોટાના હાથ, "
હમણાં બંધાતું છું તુજ બેઉ હાથ,[૧] "

લલીત છંદ.

અરરર[૨] હે પ્રભુ આતે શું થયું, શરિર માહેરૂં રણુ વિષે પડયું
રૂદન કરશે માતા માહેરી, ધિરજ આપજો વાંત આ કરી.
સરવ બંધુઓ આવોની અહીં જિવ જશે હવે ઇશને તહીં.
હિમત માહેરા તાત હારશે, ધરણિ સાંભળી વાત ધારશે.
સરદારો— (હુંરે થયું બેની હુંરે થયું એ રાગ).
આશું થયું દેવ આશું થયું, રાજકુંવરને આશું થયું—ટેક.
જીવ હવેતો નથી દેખાતો, ઘડીકમાં સુખ વહી ગયું—રાજ.
કળી કાળે કોપજ કર્યો, જાસુસભાઇ હમ માનો કહ્યું—રાજ.
પૌરસ રાયને શું જવાબ દઇશું, સર્પે છછુંદરને ગળ્યું—રાજ.

પ્રવેશ ચોથો.

સ્થળ—પૌરસરાયનું વિચારભુવન.

પાત્રો—પૌરસ અને જાસુસ.

ધન્યાશ્રી.

પૌરસ--

માન શુકન શાને થાય, પ્રભુ મને માન શુકન શાને થાય—ટેક
આજે યુદ્ધમાં પુત્રજ મારો, દુઃખી હશે શું કાંય—પ્રભુ.
ચેન પડે નહિ મુજને લગારે, ફરકે શું લોચન હાય—પ્રભુ.

---

૧ અરસપરસ યુદ્ધમાં સિકંદરના બારથી. રાજકુંવરનું ધરણી ધરવું. ૨ રૂદન. સરદારોનું જાસુસ પ્રત્યે ખબર અપાવવી.

તન આ ફરકે જીવજ ધડકે, શુંરે વિઘ્ન પુત્ર કાય-પ્રભુ.
અરેરે હવે તો ધીરજ રહે કેમ? જાસુસ ખબર નહિ કાંય-પ્રભુ.
(જાસુસ આવેછે.)

જાસુસ-- રાગ્રઆી.
સાંભળો દાતારે માહેરા યુધ્ધે આવ્યોતો તંન;
યુદ્ધ કર્યું એણે બહુ, થયો દેહ પતંન-સાંભળો.
દુશ્મન રાજા બહુ યોધ્ધો છે, સાથે યોદ્ધા અપાર,
છળભેદ યુકિત કળા કરે, જીતશે સરવે વિસ્તાર-સાંભળો.

પૌરસ-- વિલાપી તર્જ.
અરે ઈશ તેં આશું કર્યું, મુજ તનનો દેહ પતંન;
અપશુકન મુને હવે લાગે છે, જીતાશે નહિ એ જંન.
રાખી હું દ્રઢ નિશ્ચય મુજ, ફરીથી વળગું એને તંન.
જીત પામી થાઉ મગન, ચાલોહે જાસુસ મહાજંન.
હવે વાર કરો નહિ ભારી છે લડવાની તૈયારી.
(જાય છે.)

પ્રવેશ પાંચમો.

સ્થળ-આગલી રણભુમિ, છાવણી.

પાત્રો--પૌરસ, લશ્કર, સિકંદર અને સરદારો. વગેરે.

પૌરસ-- (રાગ તલવતી હું.)
ચાલો શત્રુ શું શીશ ઉડાવો, ચકર ફરે જેમ ચરરરર;
બરછી ભાલા તીર ચલાવો, સમશેર લઇને સરરરર,
ચોગડદમથી જલ્દી ઘેરો, ફરો ફેરમાં ફરરરર,
રાજ્ય મે સિડોન્યાને ઉમેરો, શત્રુ ઘેરો ધરરરર;
શીયાળ સૈન્યમાં સિંહ પડે જેમ, તેમ ભગાડો[1] ભરરરર,
તોપ તણો તમે માર ચલાવો, કરતા ભાગે અરરરર.

---

૧. ભગાડો-નસાડો. ,,

ગાયન.

સિકંદર—કાફુરકે પર કતલ ચલાના,
જંગ મચાકે લેના જહાંન.
સરદારો—હમ બહાદુર હે બડે લડવૈયે,
આપ સરદાર બડા મસ્તાન.
સિકંદર—પૌરસ સેનકો કેદ પકડકે,
ફેંદ ફના કરના સંસ્થાન.
સરદારો—શાહ હુકમ હરદમ શિર ધરતે,
પહેલવાનકા એહી પીછાન.

પૌરસ— ક્ષત્રી કલંક.

આવ આવરે સિકંદર શુર, તારૂંતો હવે શુર કાઢું રે—ટેક.
તેં ઉતાર્યું છે મારૂં નુર, ,,
બાળક બુદ્ધિનો જે મારો તન; ,,
તેને રણમાં કર્યો છે પંતન, ,,
દગા ફટાકોથી થાએ તારી જીત, ,,
હવે રણમાં રોળી થાઉં અજીત; ,,
તારા રૂધીરે ખરડુ આ શમશેર, ,,
પછી જીવ મારો રહેશે ઠેર. ,,

રાગ સદર.

સિકંદર—

જાણ્યું જાણ્યું હવે તારૂં જોર, જોરથી તું તો લડવા આવ્યોરે.
નાહક બોલીને કરે છે બકોર, ,,
આ શમશેર પીધું તુજ તન રૂધીર, ,,
હવે બાકી રહ્યું, તુજ શરીર, ,,

નહિ જીતાઉં હું તારે હાથ, ,,
મને સ્હાય કરશે દિનોનાથ, ,,
પકડી રાખું તને પીંજરની માંય, ,,
ફેરવું દેશો દેશની માંય[1] ,,

સિકંદર— માઢ.

હે સરદારો સારા, સાંભળો મારા, કહું છું જીતની વાત.
આવ્યા સારા શુકનમાં, રાખી હિમતમાં જીત થઈ મારી લાત.
દેશમાં જઇને ઇશ્વર સ્તુતિ, કરજો વારંવાર.
દાસ તણી હમ લજ્યા રાખી, ફતેહ પામ્યા શતવારરે,
તેથી અભિમાન છોડી, બે હાથ જોડી કરજો બીનાની વાત. હે.

વિલાપી તર્જ.

પૌરસ—

હું ફસાયો, દુશ્મન હાથેરે, પ્રભુ દુઃખ આવ્યું મુજ માથેરે;
હું સત્ય કર્મથી ચાલ્યો, મારો વખત આવો આવ્યો.
હું થયો પાપીને જેર, મારે કયા જનમનું વેર,
હું ડુબ્યો ભવ દરિયે, પ્રભુ મને તારોરે. હું.
પાપી કરશે કારમો કેર, મારૂં લેશે પુરૂં વેર;
બસ હું નાહિમત થાઉં, ક્ષત્રીનું દુત બતાઉં.
હું એ બોલમાં કહી દઇશ, રાજા સમજીને વર્તાશ.
જેથી સારૂં થશે રાય તારૂં મારૂંરે. હું.

(રાગ નિર્બળશત્રુને મળતો.)

સિકંદર—

રાજા પૌરસ બાઇતું આજે ક્ષમા કરજે વાંક મારો,
તન મનથી હું સત્ય કહું છું અ, નો, તી,થી કર્યો કેર કારો-ટેક.

---

૧. યુદ્ધ અને સિકંદરની જીત.

રાજપાટ બધું ભાઇ તારૂ હવે આપું,
દુઃખની વખતે હવે, દુઃખ તારૂં કાપું.—રાજા.
વાંકના ગુન્હાજ માટે, માફી તારી માગું.
ખોટુ લાગ્યુ મને બહુ જાણે સંસાર ત્યાગું—રાજા.

(સર્વે જાયછે)

પ્રવેશ છઠ્ઠો.

સ્થળ—શાન્તિ ભુવન.

પાત્રો—સુત્રધાર.

(રાગ દક્ષિણી લાવણીનો)

સુત્રધાર—

સુણો સભાહેજન, સમય દશાછે ન્યારીરે.
પલમાં રાય, ગરીબ થાય, નહિ ખમાય, નજરે હાય.
સત્ય સમય ભારીરે—સુણો.
છે દશાનો એ સગય હેરા ફેરારે,
સમજે જન, ટળે વિઘંન, નિર્ભય દંન, છે તદંન,
સમય દશાનો વારોરે—સુણો.

સુત્રધાર—જુઓ હે ભાઇઓ સિકંદરે પૌરસ રાજાની સાથે યુદ્ધ કરી તેના કુંવરનો ઘાત કર્યો. તેમજ પૌરસ રાજાને પણ હરાવીને પોતાના કબજામાં લીધો. હોય ઇશ્વ-રની મરજી? મનુષ્ય ગાત્રને માથે સમયે સુખ દુઃખ હં-મેશાં હોય છે.

પણ આ એક પરમકૃપાળુ પરમાત્માનો કંઇ નોત્તમજ બનાવ હોય તેમ જણાય છે. કારણકે જુઓ—સિકંદરે

કેટલી બધી મહેનત કરી, પંજાબનું રાજ્ય તાબે કર્યું. પરંતુ એક બોલ ઉપરથી તે એકે—રાજા સિકંદરે-પૌરસ રાજાને કહ્યું. કે હે રાજા મારે તારી સાથે કેવી રીતે વર્ત્તવું ? ત્યારે પૌરસે કહ્યું કે રાજા સમજીને. એ ઉપરથી તેનું રાજ્ય તેને પાછું સોપ્યું, એ નવાઇ જેવું છે.

જો સિકંદર લોભી હોતતો લીધેલું રાજ્ય પાછું આપત નહિ. અને આતો પાછું આપ્યું તેનું કારણ તો વિશ્વનિયંતા પરમેશ્વર જાણે ?

ગાયન.

જગધર ઇશે, શ્રીજગદીશે, આજ અતીશે કીધી મ્હેર;
કાપી કષ્ટી, સુખની વૃષ્ટી.
દીધી અતિશે લીલાલ્હેર—ટેક.
આર્ય બાળને હે સહાયે, નીતિ ન્યાયમાં થાઓ સ્હાયે;
ખળ બળ કાપી સત્ય વ્રત રાખી,
દુઃખ સહુ દાટી, શુભ સુખ આપી.
થાઓ સત્ય તણો જયકાર—જગધર.

સમાપ્ત.

ડોસો અને તેના દીકરા વિષે ફારસ.

સ્થળ—રંગભૂમિ.

પાત્રો—સુત્રધાર.

મંગળાચરણ.

કલ્યાણ.

સુત્રધાર—

અરે! અહો ઓ ઇશ, નામું તુંજને શીશ;
વિનતી મારી ઉર ધરીને, સ્હાય થા આદીશ—ટેક.
સરનાર વાસી પૂર્ણ ઉજાશી, ડોસો ચારે તન;
તેહ તણો હું ફારસ ભજવું, કીધું હતું જે દંન—અરે.
સર્વે સભાજન તરદી લઇને, સુણજો આ વૃત્તાંત;
ભારત-આર્યો જેથી સુધરે, એ મારો શુભ ખંત—અરે.
અશરણ શરણુ છો પૂર્ણ કરી, ધરજો મારી આશ;
શરણાગત શુભ 'બાપુ' ધારી, કરજો જય ઉજાશ—અરે.

સાહેબો? અને અત્રે પધારેલા સર્વ સભાજનો? આજે આ શાળાની રંગભૂમિ પર શાળાના વિધાર્થીઓ, સરનાર વાશી 'ડોસો અને તેના દીકરાનો' ફારસ ભજવી બતાવનાર છે. તે સાંભળવા સર્વે સભાજન તરદી લેશોજી અને ભુલચુક થાય તેને માટે દ્રષ્ટીગત કરશો એવી આશા છે—(ફુલથી વધાવી નમીને જાય છે.)

પ્રવેશ પહેલો.

સ્થળ—ડોસાનું વિચાર ભુવન.

પાત્રો—પ્રવેશ કરી ડોસો આવે છે. બાદ પાછળથી

ચાકર રામો, તથા ત્યાર બાદ—ડોસાના ફરમાવ્યા મુજબ.
રામો તથા ચાર પુત્રો વગેરે.

(રાગ બાગ બાગ બાગ આતો.)

ડોસો—

કાળ કાળ કાળ હવે, આવ્યો મારો કાળ;
મૂર્ખ મારા છોકરા તે, બુદ્ધિના છે બાળ.
શીવ શીવ શીવ હવે, શીખવું શી રીત;
ઝેર વેર પરહરી, કરે પરસ્પર પ્રીત.
શોધું શોધું શોધું આજ, યુક્તિ શોધું એક;
નાના નાની સોટીઓ, મંગાવું હું દશેક.

(રાગ ગજલને મળતો.)

ડોસો—

અરે રામા કહુંછું તુંને, સુણજે આ વાત,
સાર સરવે બંધુને જઇ, કહેજે તું સાક્ષાત.
કહેજે આપ પિતા તમને, આપે છે કંઇ ધંન;
લાલચના લોભથી એ, આવશે મૂર્ખ તંન.
વળી કહું વાત બીજી, તેનો ધરજે ટેક;
નાની નાની સોટીઓ તું લાવજે દશેક.
જલ્દી જા તું વેગે વહી, કરજે શુભ કાજ;
સમજાવીને લાવજે તું, જેથી સુધરે સાજ.

(રાગ એ-માથે મટુકીનો.)

રામો—

એ...વેગે વહીને હું જાઉં, આપ હુકમને જલ્દી બજાઉં...એ.
કામકાજ હોય તે, સુખેથી કહેજો, જે જોઇએ તે માગી લેજો;
જાણો ચાકર હું અતિ હરખાઉં ... ... એ.

(રાગ ઇંદ્ર સભાની ગજલને મળતો.)

છોકરા—

પિતાજી આપ શોછે વિચાર, જણાવો જલ્દી કરીએ પોકાર;

ડાસો—

સુણજો તમે ચારે વિર, ડરશો નહિ પણ ધરજો ધીર.

મારા ડાહ્યા પુત્રો ? મારી પાસે આવો, અને હું કહું તે સાંભળો. ભાઇઓ ? હવે મારો અંતઃકાળ પાસે આવ્યો છે, અને હું ઘણો વખત નહિ જીવું. એમ મને લાગે છે. માટે મારે તમને બે બોલ કહેવા છે. જો મારા કહેવા પ્રમાણે તમે ચાલશો તો સુખી થશો. અને મારા કહેવા પ્રમાણે નહિ ચાલો તો દુઃખી થશો. સુખ પામો કે દુઃખ પામો હવે મારે શું તોપણ મારી ફરજ ધારી છેવટે બે બોલ કહું છું તે સાંભળો.

(રાગ બાગ બાગ બાગ આતા)

ડાસો—

ભાગો ભાગો ભાગો ભાઇ ભારી ભાગો ભાઇ.

છોકરા—

ઘડપણમાં ગઇ ડાગરી ચસ્કી નવાઇ દિશે કાંઇ.

છોકરા— (રાગ ભૈરવીને મળતો.)

૧ છોકરો—ભાઇ ભારીના શા ભાર.

૨ છોકરો—એને ભાગતાં શી વાર.

૩ છોકરો—હુંતો નહિ પામું હાર.

૪ છોકરો—ભલે મથી જુઓ ચાર.

૧ છોકરો—ભારી ભાગી નહિ ભાઇ.

૨ છોકરો—ખાલી તન વધાર્યું ખાઇ.

૩ છોકરો—ભાઇ જાણું તુંતો ગાઇ.

૪ છોકરો—કરો ખોટી શી બડાઇ.

(રાગ ગજલને મળતો.)

બધા છોકરા—

પિતાજી આ ભારી ભાગી નહિ, તેથી લાચાર થયા છે અહીં.
જણાવો આપનો શો છે વિચાર, આખરે શુંછે આમાં સાર.

ડોસો—

સુણજો તમે ચારે વીર, છુટી કરો ભારી ધરીને ધીર.

છોકરા—

કીધી છુટી ભારી પિતાજી હમે.

ડોસો...............અરે ભાગો અકેકી પકડી તમે.

છોકરો— (રાગ ભેરવીને મળતો.)

૧ છોકરો—ઝટ ઝટ ભાગી ગઇ પિતાજી.
૨ છોકરો—ભાગી તેથી થઇ ગયા રાજી.
૩ છોકરો—કેવા હોશિઆર હમે પિતાજી.
૪ છોકરો—છોડી દો તમે ચારે પતરાજી.

ડોસો— (રાગ ઉતાવળા દોહરાને મળતો.)

જેવા ભારીના છે હાલ, તેવા તંન તમારા તાલ.
માટે સમજી રહેજો તંન, મુજ શીખ ધરીને મંન.

બધા છોકરા—(રાગ બાગ બાગ બાગ આતો.)

ધન્ય ધન્ય ધન્ય પિતા ધન્ય તમને ધન્ય,
ધન્ય બુદ્ધિ આપની આ, કોણુ કરે છે અન્ય;
સંપ સંપ સંપ સર્વ, સુખનું છે મૂળ,
અરસ પરસ વેર તેતો, દુઃખ કેરૂં સૂળ.

ડોસો—

ત્યારે જુઓ ભાઇ જ્યાં સુધી આ લાકડાની ભારીની

પેઠે તમે એક બીજાને વળગીને હળીમળીને રહેશો ત્યાંસુધી તમારૂં કોઇ નાગ પણ લઇ શકશે નહિ. અને તમે સુખી થશો. પણ આ છુટી પડેલી લાકડીની પેઠે તમે એક બીજામાં ટંટા કરી ઐકયતાનું બંધન તોડી નાખશો એટલે તમારી પણ એ લાકડીઓના જેમ કડકે કડકા થઇ ગયા તેવી દશા થશે. કહેવત છે કે " જેનું ઘર ફુટયું "તેનું કરમ ફુટયુ." તે કાંઇ ખોટી વાત નથી. જ્યારે નબળો દિવસ આવવાનો હોય ત્યારેજ એક કુંટબના માણસોમાં ફાટાફુટ થાય અને આખરે દુશ્મનો તેનો લાભ લઇ તેમને પાયમાલ કરી નાંખે.

છોકરા—

(નમીને) પિતાજી હવે હમો સારી પેઠે સમજ્યા માટે કદી પણ લડીને જુદા નહિ પડીએ. (સર્વે જાય છે.)

સમાપ્ત.

વેપારી અને મજુર યાને શેખસલ્લીના તરંગ.

(૪)

સ્થળ—દુકાન બાદ રસ્તો.

પાત્રો—દુકાનદાર, વેપારી અને પાછળથી મજુર વગેરે.

ગાયન.

દુકાનદાર—

દુકાનો મારી કેવી, ઘણી સારીરે. ટેક.
જે જોઇએ તે આપું, દુઃખડાં તેનાં હું કાપું.
બરાબર રાખું છું તોલ માપુંરે[૧]. દુકાનો.

(રાગ ત્રિતાઇ ચોપાઇ.)

દુકાનદાર—
કોણ છો તમે ક્યાં થકી આવ્યા, પુડે બાંધી અને શું લાવ્યા.

વેપારી—
શેઠ ઘી લેવાને હું આવ્યો, સાથે ધાડવાને બાંધી લાવ્યો.

દુકાનદાર—
આવો આવો અરે શુભકારી, જુઓ[૨] આ છે દુકાનો હમારી.

(રાગ અંગ્રેજી લટકે મટકેનો.)

વેપારી—
શેઠ હમારે ઘી લેવું છે મણ ઘીનું શું પડશેજી.

દુકાનદાર—
વીશ રૂપિઆ. સાંધુ વેચું ઘરાક હોય તો ખપશેજી.

---

૧ માપુરે=માપ બતાપે છે. ૨ જુઓ=દુકાનો બતાવે છે.

વેપારી—

વીશ નહિ પણ સોળજ આપું, ખરા બજારી ભાવેથી.
તોળી મૂકો લઇ જાઉં છું, મજુર મારૂં આવેથી.

મજુર—

શેઠ ચઢાવો ધાડવો લાવો.

વેપારી.....................ઉતાવળો તું ક્યાં મળ્યો.

મજુર—

લે તારૂં સંભાળી લેજે, પંથે મારે હું પડ્યો.

વેપારી—

શાણો થઇ રીસાણો શાને, બે આનામાં બડબડીઓ.

મજુર—

શેખસલ્લી મારૂં નામ વિચારો વિચારમાં હું મ્હાબગીઓ.
બે આનાની મરઘી લાવું કચ્ચાં બચ્ચાં સંભાળી.
બકરી બેં બેં કરતી લાવું રંગે રૂપે રૂપાળી.
બકરીનાં બહુ બચ્ચાં થાશે, વેચી સાટી પરવાળી.
ગાય રૂપાળી લાવું ગુણવંતીને દુધાળી.
દુધ અને વાછરડાં વેચી ખણુખણુ રૂપિઆ ખખડાવું.
શેઠ બની નાના મોટાને, વાટે ઘાટે ધમકાવું.
ગુમાસ્તા દશ વિશેક રાખી, પેઢી મારી શોભાવું.
રૂપાળી શેઠાણી લાવું, જેવી તેવી નહિ લાવું.
શેઠાણીને [1]કીકો થાશે કીકો તો બહુ તીખો થાશે.
પાંચ વરસનો પોયરો થઇને, નિશાળે ભણવા જાશે.
ચોરે ચકલે બેસી રહીને, પંચાતો હું ચુકાવું.
કીકો બાપા કહી બોલાવે જમવા માથું [2]ધુણાવું.

---

૧ કીકો=છોકરો. ૨ ધુણાવું=માથું હલાવી બતાવે છે.

વેપારી—

અરે મુરખ તેં આ શું કીધું, સત્યાનાશ જશે તારૂં.
ધાડવો ફોડી ઘી ઢોળીઉં પણ હવે તને હું [1]ફટકારૂં.

શેખ—

અરે શેઠ શું કરવા મારો, થયું હતું જે થનારૂં.
ધાડવો ભાગ્યો છે તારો પણ, આખું ઘર ભાગ્યું મારૂં.

સમાપ્ત. (જાય છે)

---

૧ ફટકારૂં=મારૂં માર મારે છે.

એક આનો કમાયો તે વિષે ફારસ.

(૫)

સ્થળ—રંગભૂમિ.

પાત્રો—છગન અને મગન નામના બે છોકરા આવી અરસ-પરસ ગાયન—અને સદ્બોધથી સત્યનો પ્રકાશ.

ગાયન.

છગન—

પ્યારા મિત્ર આપણે આજે, ઉજાણી જઈએ બાગ—ટેક.
વસંતની લ્હેર, ઘણી છે જ્યાંય,
શીતળ પવન, અતિશે વાય;
ગમ્મત રમ્મત કરશું ત્યાંય. ... ... પ્યારા.

મગન—

પ્યારા મિત્ર પૈસો એક નથી મુજ પાસે,

છગન—

નથી તો ચાલ્યું એક આનો કમાયો હું આજે,
તેનાં બરફી, આદુ કેળાં લાવીશું પ્યારા ત્યાંય;
ખાઈ ખુશી થઈ આવીશું પાછા થોડીવારમાં અહાંય. પ્યારા.

મગન—

સાચું કહેની એક આનો ક્યાંથી કમાયો,

છગન—

જુઠું બોલી કાશીઆને બહુ ભમાવ્યો,
મ્હારી પહેલી બુક હતી તે બે આને વેચી તેને;

મગન—

એક આને તો નવી મળે છે બે આના લીધા શેને.

છગન— ... ... પ્યારા.

એ શું જાણે બુક નવીનો પડે એક આનો.
અણુસમજુ બાળક તેથી છેતરાણો;
ખુશી થઇને બે આના આપ્યા-તેમાંનો આનો જાણ. પ્યારા.

ગાયન.

મગન—

અરે કપટી દગલાબાજ લુચ્ચા તારૂં કાળું કળ...ટેક.
એક આને તેં નવી લીધીતી આના કહ્યા ત્રણ કેમ ?
અરે લુચ્ચા છૈયું છેતરી આનો લીધો વધુ કેમ. અરે.

છગન—

મે ત્રણ આના ન કહ્યા હોત તો, બે આના આપે કેમ,
સ્હેજવારમાં આનો લીધો લુચ્ચો કહ્યો કેમ ? અરે.

મગન—

ત્હારો વિશ્વાસ કરનારાને, ઠગ્યો તેં જુઠા આજ;
લુચ્ચા ઠગ હરામી તારૂં, કાળું મોઢું કાઢ. અરે.
લુચ્ચા એવા હરામી પૈસે, ઉજાણી કરને તુંજ;
કાશીઆને કહી જન્મની પત ખોઇશ તારી હુંજ. અરે.
તારૂં બોલ્યું હવે કોઇ નવ માને, વિશ્વાસ કરશે કોણ;
જુઠો ઠગ કહી કાઢી મુકશે, નક્કી તું તો જાણ. અરે.

ગાયન.

છગન—નાના મારી ફજેતી કરીશ મા.
હુંજ કાશીઆને વાત કરીશ આ,
એનો આનો પાછો આપીશરે......નાના.

મગન—તો ઠીક ત્યારે આ વાત હું હવે કોઇને નહિ કહું, પણ હવેથી આવું કામ કરીશમા. મહેતાજી સાહેબે શું કહ્યું હતું. વેચનાર અને લેનાર કોઇ છેતરાય નહિ તે તું શું ભુલી ગયો. ફરીથી આવું કામ કરીશમા.

છગન—(ચેષ્ટાયુક્ત) વાહરે ભાઇ વાહ ! જાણે આપની ભલાઇતો શુદ્ધ માખણનીજ...મલાઇતો વાહ. કયા બાત કહેના ! ! ! (જાય છે.)

સમાપ્ત.

છોકરા અને લખોટી વિષે ફારસ.

(૬)

પ્રવેશ પહેલો.

સ્થળ—કરસન નામના છોકરાનું ઘર.

પાત્રો—સર્વ છોકરાં

સર્વ છોકરા— ગાયન.

અલ્યા દોસ્તો આવો આવો સૌ સૌની લખોટી લાવો-ટેક.
૧ છોકરો—બચ્ચાજી આવી જાઓ,
૨ છોકરો—એક બીજા ભીરૂ થાઓ;
૩ છોકરો—સૌના જથા બંધાઓ,
૪ છોકરો—પછી રમ્મત ચલાવો. ... અલ્યા.
૨ છોકરો—[1]ખેલો ટચ્ચાક હો,
૧ છોકરો—મારો ડચ્ચાક હો;
૪ છોકરો—ફુટે ભચ્ચાક હો,
૩ છોકરા—નાવે કચ્ચાશ હો.[2] ... અલ્યા.
૧ છોકરો—આજે ઠીક ગમ્મત થઇ છે,
૨ છોકરો—શાળા બળી ગઇ છે;
૩ છોકરો—આરે તો છુટી થઇ છે,
૪ છોકરો—આનંદ મંને મળી છે. ... અલ્યા.

(બધા છોકરા જાય છે ને તેમની એક કાચની લખોટી ભુલથી પડી રહે છે.)

---

૧ ખેલો=ખેલે છે ૨ કચ્ચાશ=ખામી-ભુલ.

પ્રવેશ ૨ જો.

સ્થળ—રસ્તો—મળેલી લખોટી જોઇને (પ્રેમ હર્ષીત)

પાત્રો—હીરૂ તથા પાછળથી ધીરૂ.

ગાયન.

હીરૂ—

ગળી લખોટી મઝાની, વાહ ! વાહ ! વાહ ! ...ટેક.
તાલ આવે ન ફરીથી, વાહ ! વાહ ! વાહ !
દિપે કેવી સુંદર આ[1], વાહ ! વાહ ! વાહ ! ...મળી.
રંગે રૂપાળીને, અધિક સુંવાળી,
દિશે છે રંગે આતો અતિ રઢીઆળી;
જાઉં રમવાને મઝાથી વાહ ! વાહ ! વાહ ! ...મળી.

ગાયન.

(રાગ—નંદકુંવર બંસીધરને મળતો).

હીરૂ—અલ્યા ભાઇ જો આ લખોટી લાગે છે કેવી સારી,
ધીરૂ—કહે તુને મળી એ કયાંથી, દિશે છે જેવી મારી.
હીરૂ—દિશે છે એ તારા જેવી, પણ કરસનને ત્યાંથી લાવ્યો;
ધીરૂ—કહ્યું હતું કે છાનો માનો લઇને તું નથી આવ્યો.
હીરૂ—નથી પૂછયું મેંતો ભાઇ, છાને માને લઇ લીધી;
ધીરૂ—તારી ચીજજો હું લઉં તો તુજને ગમશે તે કેની.
હીરૂ—એતો મારી માટે તારે, લઇ જવી તે કેમ ઘટે;
ધીરૂ—તો તુ લાવ્યો કરશનનીતો, ચોરી ન કહેવી શા માટે ?
હીરૂ—ભાઇ મારી ભુલ થઇ છે, કહેતો હું આપી આવું;
ધીરૂ—અલ્યા મુર્ખા ફરી ફરીને કામ કરતો નહિ આવું.

---

૧ આ—લખોટી બતાવે છે.

હીરૂ—(ચેષ્ટાયુક્ત) અરે વાહરે બંદાની બડાઇ ! હું તો ભુલ્યોરે ભાઇ ! સત્યાનાશની પાટી ! વારી જાઉંરે ધીરૂ. રાજ ! તમતો બડે ઉસ્તાદ હો ! ઓશો પહેલા મિત્ર ધીરૂને અને આછો હીરૂની જે...એ એ.

ધીરૂ—વાહરે વાહ ! હીરૂ મળ્યો તને ધીરૂ, તો ચખાડયું પાનનું બીડું અરે વાહ બંગાના બા'ર તો એવાજ છે. (જાય છે.)

સમાપ્ત.

છોકરો અને બોર વિષે ફારસ.

(૭)

સ્થળ—રંગભૂમિ–અને બાજુ ઉપર આવેલી ગાગર.

પાત્રો—ઘેલો અને ગાંડો નામના બે છોકરા પ્રવેશીને

અરસપરસ ગાયન.

(રાગ—વ્હાલા ઉઘાડ મ્હોડું તારૂં.)

ગાંડો–મને મીઠાં લાગે બોર, વ્હાલા મીઠાં લાગે બોર...ટેક.
ઘેલો–વારૂ ત્યારે મ્હાલો...અરે વાહ વાહ વાહ,
ગાંડો–ઓહો ! ત્યારે [1]ચાલો,...અરે હા–હા–હા ... મને
ઘેલો–આ ગાગર દિસે ઘણી રૂપાળી બોર ભર્યાંએ માંય,
ગાંડો–મુઠો[2] ભરી બોર કાઢીને, ખાંન્તે ખાઇએ આંય.
... વ્હાલા મને

અરે ઇશ હાથ ભરાઇ રહ્યો આ હવે કરૂં હું કેમ ?
ઘેલો–થોડાં બોર મુકી દે તું પાછાં હાથ નીકળશે એમ.
ગાંડો– ... ... વ્હાલા મને
ઘેલો–છે મીઠાં એ બોર વ્હાલા, છે મીઠાં એ બોર;
ગાંડો–બહુ મીઠાં છે બોર વ્હાલા બહુ મીઠાં છે બોર.

ગાંડો—(ચેષ્ટાયુક્ત આશ્ચર્યરૂપે) અરે વાહરે બાઇ વાહ તારી અક્કલ; હરામના દામ અને વિલાયતની રહેલ!! રહેલ કરીને જાઓ ઘેર !!! (જાય છે.)

સમાપ્ત.

1 ચાલો=ચાલે છે. 2 મુઠો=મુઠી.

અગાઉથી ગ્રાહક થઈ આશ્રય આપનાર સજ્જનોની નામાવલિ.

પ્રત.	નામ.	ગામ.
૧	રા. કાશીભાઇ હીરાભાઇ કુંભાર.	ભરૂચ.
૧	રા. ઝવેરભાઇ હરિભાઇ કુંભાર.	સુરત.
૧	રા. વિ. હિમંતસંગ કાભઇરાજ	અટાલી.
૧	રા. અંબાલાલ પ્રભાશંકર જોષી	મહુધા.
૧	રા. શંકરલાલ જગન્નાથ દવે	કડાણા.
૧	રા. મવજી જગાભાઇ પારખી	કતારગામ.
૧	રા. રણછોડલાલ મૂળજીલાલ ઉપાધ્યા	સુવેર.
૧	રા. વલ્લભ ભાણજ દાણી	બાબરા.
૧	રા. ગોવિંદજી માવજી આરંજ	ઇડર.
૧	રા. જાદવજી હંશરાજ ઠક્કર	ચિત્રોડ.
૧	રા. પ્રભુલાલ કહાનજી મહેતા	ચિત્રોડ.
૧	રા. પ્રભાશંકર મણીશંકર ભટ્ટ	ડભાણ ઉર્ફે ડરભાવતી.
૧	રા. મણીશંકર ગણપતરામ પંડ્યા	બોપલ.
૧	રા. મંગળજી કાલીદાશ માસ્તર	આટકોટ.
૧	રા સુખલાલ અમુલખશાહ	માંડલ.
૧	રા. કામેશ્વર હરેશ્વર જોમાકર	વેલાછા.
૧	રા. જેઠાનંદ રતનશી માસ્તર	મુગળભીમ.
૧	રા. હુસેનમીયાં બનામીયાં મુન્સી	પ્રાંતિજ.
૧	રા. મુલ્લાભાઇ ઉમરજીભાઇ મુન્સી	ધોલકા.
૧	રા. આઇ એમ મુન્સી	લાજપુર.
૧	રા. નાનાલાલ હરિભાઇ દેશાઇ	કરમલા.

૧	રા. કેશવલાલ અનુપરામ માસ્તર	સિંધોત.
૧	રા. કેશવલાલ હલસુખરામ શાહ	વસાઇ.
૧	રા. પ્રેમા કાનજી પટેલ	ઘેહેજ,
૨	રા. કેશવલાલ જશવંતરામ ભટ્ટ	પાનતલાવડી.
૧	રા. રણછોડ પરસોતમ પટેલ	વેડચ.
૧	રા. રસુલખાં કેશરખાં માસ્તર	દહેગામ.
૧	રા. ભાઇચંદ પુંજાભાઇ શાહ	શાદરા.
૧	રા. વિ, ગોપાલસિંગ ભાણાભાઇ	લાકોદરા.
૧	રા. લધારામ રામજી જોષી	કરાંચી.
૧	રા. ગીરધરલાલ ભગવાનલાલ વ્યાસ	બડોલી.
૧	રા. હરિશંકર કાનજી પંડ્યા	મંજલ.
૧	રા. મહમદભાઇ આકુજી પટેલ	વરેડીઆ.
૧	રા. અસમાલ મુસેઆદમ પટેલ	વરેડીઆ.
૧	રા. દેવજી શોભાભાઇ.	પારખેત.
૧	રા. હીરા ગભાભાઇ	પારખેત.
૧	રા. અમથા ધનજીભાઇ	સેગવા.
૧	રા. ગોકળ કેશવભાઇ	સમની.
૧	રા. કેવળ ભગવાન.	ત્રાલસા.
૨	રા. પેસ્તનજી ખરશેદજી. બરડી.	ઉમરસાડી.
૧	રા. ગોપાળ બેચરભાઈ પટેલ	સામલોદ.
૧	રણછોડભાઈ હીરાભાઈ પટેલ.	ભરથાણા.

બા. ના.

જાહેર ખબર.

મફત ! મફત ! ! મફત ! ! !

ફકત આર્ય ભ્રાતા અને ભગનીના હિતાર્થે.

આપણા ઘણા ખરા

યુવાનોની અવસ્થા આવી કેમ ?

ઉપરનું પુસ્તક નીચેને ઠેકાણે એક આનાની પોષ્ટની ટિકીટ મોકલ્યાથી બુક પોષ્ટદ્વારા મોકલી આપવામાં આવશે. વહેલો તે પહેલો હવે થોડી નકલો સિલકમાં છે.

મળવાનું ઠેકાણું.

મોતીભાઈ રાયજીભાઇ. મુ. વરેડીયા.

(તાલુકે ભરૂચ—પોષ્ટ કિસનાડ-ગુજરાત.)